वर्ष : 5 ◆ अंक : 2
માર્ચ-એપ્રિલ 2015
સળંગ અંક : 26

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

**'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'** એ માત્ર પુસ્તક નથી પણ લેખકના પ્રાણથી સિંચિત થયેલું વાઙ્મય તીર્થ છે. આપણે એ માટે નારાયણભાઈને અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. આ તીર્થમાં પહેલું ખંખોળિયું ખાતાં જ મેં નારાયણભાઈને લખેલું કે તેમણે તો 'નારાયણ સરોવર'ની રચના કરી છે. કચ્છમાં નારાયણ સરોવર આવેલું છે. પ્રાચીન કાળમાં તેમાં સરસ્વતીનો પ્રવાહ ભળતો એમ કહેવાય છે તે જે હોય તે, પણ આ નૂતન નારાયણ સરોવરમાં તો ગુપ્ત સરસ્વતી આવી મળી છે, અને એ વાણીમય હોવાથી ગમે તે સ્થળે, ગમે તે કાળે તેમાં સ્નાન તથા પાન થઈ શકે તેમ છે. મને થાય છે કે આ પુસ્તકનું માત્ર વાચન - મનન જ નહીં પણ સામૂહિક પારાયણ થવું જોઈએ. તેમાં ભૂતકાળનાં સ્મરણો જ નથી, પણ ભવિષ્યની વાટ ઉજાળતું અગ્નિદિવ્ય, તેમ જ પુનિત પરિમલ છે.

**મકરન્દ દવે**

✴

મહત્ત્વની વાત એ છે કે **'મારું જીવન એ જ મારી વાણી'**માં માત્ર અનુભવ કે વિગતો જ નથી (જે સામાન્ય રીતે જીવનચરિત્રમાં હોય છે). લેખકે અત્યંત પરિશ્રમથી અનેક ગ્રંથોનું ઊંડું પરિશીલન કરીને અનેક સ્થળોનો પ્રવાસ ખેડીને, અનેક લોકો સાથે સંવાદ સાધીને, વિચારકો સાથે વિચારવિમર્શ કરીને પછી વિવિધ આધારોથી તેને પ્રમાણભૂત રીતે આપણી સામે મૂકીને એક મહાન અભ્યાસ ગ્રંથ પૂરો પાડ્યો છે. મને લાગે છે ભવિષ્યના અભ્યાસીઓ માટે તો પ્રમાણભૂત આધારોથી લખાયેલ વિશ્વવિભૂતિનું જીવનચરિત્ર એ આપણું અસાધારણ સંસ્કારધન છે.

**દક્ષા પટ્ટણી**

✴

**ગાંધીકથા**એ માત્ર ગુજરાતને જ નહીં, બલ્કે દેશ અને વિદેશમાં પણ ગાંધીમૂલ્યો સંદર્ભે એક નવું વાતાવરણ સર્જ્યું. નારાયણભાઈ ગાંધીવિચારનો પોતાની આગવી દૃષ્ટિએ વિશ્લેષણ કરતાં, એનું હાર્દ સમજાવતા અને બાપુની વિચારધારામાં આવેલા પરિવર્તન પણ એ ચીવટપૂર્વક દર્શાવતા.

**કુમારપાળ દેસાઈ**



## ગ્રંથાલય*

માનવકુળનું જ્ઞાનતીર્થ ગ્રંથાલય !
વિદ્યાકુળનું પ્રાણતીર્થ ગ્રંથાલય !

હોય સમય સાથે રહેવું જો,
હોય ન કૂપમંડૂક થવું જો,

દેશકાળના પલટાતા જો પ્રીછવા હોય પવન,
ગ્રંથલોકના ગોરસનું જો કરવું હોય ગ્રહણ,

આ નવયુગનું પરમ તીર્થ ગ્રંથાલય !
આત્મજ્ઞાનનું અમર તીર્થ ગ્રંથાલય !

માનવતાનું મગજ પરખવા,
દુનિયાનું દૈવત ઓળખવા,

સોના જેવું સાચ સમજવા હૈયે હોય લગન,
જીવનદેવતાનું જો ઝળરળ જોવું હોય વદન,

માનવમનનું તત્ત્વતીર્થ ગ્રંથાલય !
સંસ્કારોનું સત્વતીર્થ ગ્રંથાલય !

ચંદ્રકાન્ત શેઠ

---

* સદ્ગત વરિષ્ઠ ગ્રંથાલયી શ્રી પી. સી. શાહને સમર્પિત.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૫, અંક : ૨, મે-જૂન, ૨૦૧૫; સળંગ અંક : ૨૭

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા
મણિભાઈ પ્રજાપતિ ૧

● શ્રદ્ધાંજલિ
ગાંધીમૂલ્યોના પ્રહરી અને પ્રબુદ્ધ સાક્ષર
શ્રી નારાયણભાઈ દેસાઈની ચિર વિદાય.... ૬

૧. માખી લે. કેથેરિન મેન્સફિલ્ડ,
અનુવાદ : મોહનલાલ પટેલ ૯

૨. AUTONOMY : THE SONG OF THE STRONG , THE SPIRIT OF THE BRAVE Dr D.A.Ghanchi ૧૩

૩ અધિક માસની સરળ-શાસ્ત્રીય સમજ / અધિક માસ શા માટે ? ક્યારે ? ભૂપેન્દ્ર ધોળકિયા ૨૨

૪. સર આઇઝેક ન્યૂટન-I વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૪

૫. સર્વ વિદ્યાલય ગૌરવગાન પ્રા. જાદવજીભાઈ પટેલ ૩૫

૬. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૩૭
- ગુજરાતની ગૌરવકથાઓ
- Public Libraries Acts in India...

૮. સંસ્થા સમાચાર ૪૦
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
- શાળા વિભાગ

૯. ગ્રંથાલય ચંદ્રકાન્ત શેઠ
(કવર પૃષ્ઠ ૨)

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા

પ્રાચીન ભારતીય વાઙ્મયમાં આચાર્ય – ગુરુ, વિદ્યા – જ્ઞાન અને વિદ્યાની દેવી સરસ્વતીનું ભારે મોટું મહિમાગાન કરવામાં આવ્યું છે. આ પૈકી કેટલીક સૂક્તિઓ ઉદા. તરીકે 'आचार्य देवो भव', 'सा विद्या या विमुक्तये'. 'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते' વગેરે લોકહૈયે વસેલી છે. આ મહિમાગાન પ્રાચીન ભારતમાં પ્રચલિત સુદૃઢ શિક્ષણપ્રણાલીનું દ્યોતક છે. પ્રાચીનયુગમાં તક્ષશિલા, નાલંદા, વલભી, મિથિલા, વિક્રમશીલા, વારાણસી, કાંચી વગેરે ઉચ્ચશિક્ષણનાં કેન્દ્રો તરીકે વૈશ્વિક ખ્યાતિ પામ્યાં હતાં. નાલંદા વિશ્વવિદ્યાલયનું સમૃદ્ધ ગ્રંથાલય નવ માળનું ભવન ધરાવતું હતું. પ્રાચીન – મધ્યયુગીન મુસ્લિમ આક્રમણોએ ભારતીય શિક્ષણપ્રથાને ભારે મોટું નુકસાન પહોંચાડ્યું તેમ જ ઇસ્લામિક શિક્ષણપ્રથા શરૂ કરી. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અંગ્રેજોનો પગપેસારો થતાં અને ક્રમશઃ ભારતને પોતાને અધિનસ્થ કરતાં પાશ્ચાત્ય શિક્ષણપ્રણાલીનો અમલ શરૂ કર્યો. આ સાથે જ ભારતમાં આધુનિક શિક્ષણનો પ્રારંભ થયો. બ્રિટિશ શાસન દરમિયાન મેકોલેની નીતિ, વૂડનો ખરીતો, લંડન યુનિવર્સિટીના ધોરણે ભારતમાં ઈ. સ. ૧૮૫૭માં સૌ-પ્રથમ કોલકતા, મુંબઈ અને ચેન્નઈમાં યુનિવર્સિટીઓની સ્થાપના, ઈ. સ. ૧૮૮૨માં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવાની હિલચાલ અને વિવિધ કમિટી – કમિશનો દ્વારા શિક્ષણ સુધારણા અર્થે પગલાં લેવામાં આવ્યાં હતાં. અંગ્રેજોની શિક્ષણનીતિ ગુલામીનું માનસ પેદા

કરાવનારી તથા ભારતીય ભાષા-સાહિત્ય, ઇતિહાસ અને સંસ્કૃતિની વિઘાતક હોવાથી તેનો ભારે મોટો વિરોધ પણ કરવામાં આવ્યો હતો. આમ છતાં, સ્વીકારવું રહ્યું કે અંગ્રેજી ભાષાના પ્રાપ્ત જ્ઞાનના કારણે અને કેટલાક વિદ્યાનુરાગી તથા સમાજહિતૈષી અંગ્રેજ અધિકારીઓના કારણે ભારતની સાંસ્કૃતિક ધરોહર – શિલ્પ – સ્થાપત્ય, હસ્તપ્રતો વગેરેનું જતન થઈ શક્યું છે અને નવી પ્રણાલીઓની પ્રસ્થાપના પણ થઈ શકી છે. આઝાદી પૂર્વે ભારતમાં ૧૬૭૭૦૦ પ્રાથમિક શાળાઓ કાર્યરત હતી.

સ્વતંત્રતા બાદ શિક્ષણના વિકાસ અને ભારતીયકરણ અર્થે ઉચ્ચશિક્ષણ માટે ડૉ. રાધાકૃષ્ણન પંચ (૧૯૪૮-૪૯), માધ્યમિક શિક્ષણ માટે ડૉ. મુદલિયાર પંચ (૧૯૫૨), બધા જ પ્રકારના શિક્ષણ માટે ડૉ. કોઠારી શિક્ષણ પંચ (૧૯૬૪-૬૬), નવી શિક્ષણ નીતિ (૧૯૮૬), આચાર્ય રામમૂર્તિ પંચ (૧૯૯૦), સામ પિત્રોડાના અધ્યક્ષપદે નેશનલ નોલેજ કમિશન (૨૦૦૬), પ્રો. યશપાલ સમિતિ (૨૦૦૮) વગેરે અનેકવિધ ઉલ્લેખનીય પંચો / સમિતિઓ વગેરેની નિમણૂકો અને તેની ભલામણોના અમલના કારણે ઘણાં સારાં પરિણામો લાધ્યાં છે.

ભારતમાં પ્રાથમિક શિક્ષણના વિકાસ સંદર્ભે ચર્ચા કરીએ તો ભારતના બંધારણ અનુસાર શિક્ષણને રાજ્ય હસ્તક મૂકવામાં આવ્યું છે. આમ છતાં શિક્ષણના સાર્વત્રિકરણની જવાબદારી બંધારણની કલમ ૪૫ અન્વયે કેન્દ્ર સરકારે સ્વીકારેલ હોવાથી વર્ષ ૧૯૭૬માં શિક્ષણને કેન્દ્ર અને રાજ્ય સરકારની સંયુક્ત યાદીમાં મૂકવું, અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ પરિષદ (૧૯૫૭), NCERT, રાજ્ય શિક્ષણ ભવન, પ્રત્યેક રાજ્યમાં શિક્ષણ સંશોધન અને પ્રશિક્ષણ પરિષદો, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, ખુલ્લી શાળાઓ વગેરેની સ્થાપના, શિક્ષણ સર્વેક્ષણો અને તેના અહેવાલોનું પ્રકાશન, ઑપરેશન બ્લેક બોર્ડ યોજના, સર્વ શિક્ષા અભિયાન, લઘુતમ સિદ્ધિ કક્ષા યોજના વગેરેના સઘન અને ધ્યેયનિષ્ઠ અમલ દ્વારા પ્રાથમિક શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા સુધારવા ધ્યેયનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

વર્ષ ૨૦૧૧-૧૨ના એજ્યુકેશન સ્ટેટસ રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ૩૩૫૧૮ સરકારી અને ૭૧૯૧ ખાનગી પ્રાથમિક શાળાઓ કાર્યરત છે. ગુજરાતમાં કેન્દ્રિય યોજનાઓના સઘન અમલ ઉપરાંત પ્રવેશોત્સવ, ગુણોત્સવ, વિદ્યાદીપ, છોકરીઓના શિક્ષણના પ્રચાર-પ્રસાર અને પ્રોત્સાહન અર્થે NPGEL ખાસ પ્રોગ્રામ અને 'વિદ્યાલક્ષ્મી બોન્ડ', એસ. સી., એસ. ટી., બક્ષીપંચ તથા આર્થિક રીતે પછાત જાતિઓનાં બાળકોને પાઠ્યપુસ્તકોની મફતમાં વહેંચણી વગેરે જેવા કાર્યક્રમો દ્વારા ગુજરાત સરકાર ૧૦૦ ટકા પ્રવેશ અને ૧૦૦ ટકા સાક્ષરતા માટે પ્રયત્નશીલ છે. વળી, પ્રાથમિક શિક્ષકોની મેરિટના આધારે ભરતીમાં અણીશુદ્ધ પારદર્શકતા વિશેષ અભિનંદનીય છે. આમ છતાં રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર વધવાની સાથે તેનો ગુણાત્મક વિકાસ કેટલો એ ચર્ચાનો વિષય રહ્યો છે.

ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયનાં કેબિનેટ મિનિસ્ટર સ્મૃતિ ઈરાનીએ જાહેર કરેલ વર્ષ ૨૦૧૩-૧૪ના અહેવાલ અનુસાર પ્રાથમિક શાળાઓમાં પ્રવેશની દૃષ્ટિએ ગુજરાત દેશનાં ૩૫ રાજ્યોમાં ૩૩મા ક્રમે (મેઘાલય પ્રથમ ક્રમે), માળખાગત સુવિધાઓની દૃષ્ટિએ ૫મો ક્રમ, શિક્ષકોની ભરતીની દૃષ્ટિએ ૬ઠ્ઠો ક્રમ અને શૈક્ષણિક ઉપલબ્ધિઓની દૃષ્ટિએ ૧૬મો ક્રમ ધરાવે છે.

અંતતઃ શિક્ષણનો ઉદ્દેશ માનવવિકાસ સાધવાનો રહ્યો છે. પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલી ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કેન્દ્રિત હતી. દેશ-વિદેશનાં વિવિધ શિક્ષણપંચોએ પ્રાયઃ આ ભાવને વિવિધ શબ્દોમાં મુખરિત કરવા પ્રયાસ કર્યો છે. યુનોએ ૨૧મી સદી માટે શિક્ષણની વિચારણા કરવા નિયુક્ત કરેલ ડેલોર્સ (Delors) પંચે (૧૯૯૬) પોતાના અહેવાલ - "Learning : The Treasure Within = અધ્યયન : ભીતરનો ખજાનો"માં શિક્ષણના પ્રમુખ ચાર ઉદ્દેશો સૂચવ્યા છે : ૧. Learning to be = જીવન જીવવા માટે ઘડે તેવું શિક્ષણ, ૨. Learning to do = ઉત્પાદક આવડતો વિકસાવે તેવું શિક્ષણ, ૩. Lerning to Learn = જીવનભર આવશ્યક કૌશલ્યો વિકસાવે તેવું શિક્ષણ, અને ૪. Leaning to live = સમાજમાં સહઅસ્તિત્વની ભાવનાઓ વિકસાવે તેવું શિક્ષણ.

આ બધા ઉદ્દેશોની પરિપૂર્તિ અર્થે તેમ જ વિકસિત દેશોના પ્રાથમિક શિક્ષણને ધ્યાને લેતાં ઉચ્ચતમ ગુણવત્તા હાંસલ કરવા માટે હજી આપણે ઘણો લાંબો પથ કાપવાનો

છે. તેમ સ્પષ્ટ પ્રતીત થાય છે. કવિ રોબર્ટ ફ્રોસ્ટના શબ્દોમાં –

The Woods are lovely, dark and deep,
But I have promises to keep
And miles to go before I sleep
And miles to go before I sleep.

* * *

પ્રતિભાશાળી અને ક્રિયાશીલ શિક્ષણવિદ્ ડૉ. મફતલાલ પટેલ દ્વારા સ્થાપિત 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ', અમદાવાદના ઉપક્રમે **'પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારવા શું કરી શકાય'** વિશે પરિસંવાદનું આયોજન તા. ૮ માર્ચ, ૨૦૧૫ના દિવસે કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં પ્રાથમિક શિક્ષણની ચિંતા અને ચિંતન કરનારા ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે તેનો સમાપન સમારોહ મહામહિમ ગવર્નર શ્રી ઓમપ્રકાશ કોહલીજીની નિશ્રામાં યોજાયો હતો. આ મહાનુભાવોએ પણ પોતાના ઉદ્‌બોધનોમાં આ સંદર્ભે કેટલાંક સુચિંતનીય સૂચનો કર્યાં હતાં. પ્રસ્તુત પરિસંવાદમાં પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારવા હેતુ થયેલ વિચાર-વલોણાનો સાર નીચે મુજબ છે. અહીં ઊણપો તરફ અંગુલિનિર્દેશ કરવાની સાથે-સાથે ગુણાત્મકતા સુધારવા ઉપાયો પણ સૂચવવામાં આવ્યા છે.

### શિક્ષક

- શિક્ષકની ભરતી માટે ડિગ્રી કેન્દ્રિત લાયકાતનાં ધોરણો સંદર્ભે પુનઃવિચારણા જરૂરી.
- શિક્ષકની નિમણૂક માટે ડિગ્રી – આવશ્યક લાયકાત અને ગુણ ઉપરાંત ચારિત્ર્ય અને બુદ્ધિમત્તા ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ.
- પગાર ધોરણો ઘણાં સારાં છે, પરંતુ તેના પ્રમાણમાં શિક્ષકો દ્વારા પર્યાપ્ત વળતર મળતું નથી.
- વેતનભોગીની માનસિકતા દૂર કરી પોતે તેનાથી ભિન્ન છે તે ભાવના સતત પ્રજ્વલિત રહેવી જોઈએ.
- પ્રાથમિક શિક્ષક હોવાનો ગર્વ અનુભવવો જોઈએ નહીં કે તે પ્રતિ ગ્લાનિ / ક્ષમાભાવ.
- શિક્ષકોનાં કાર્યોને પ્રોત્સાહિત કરવા રાજ્ય / કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતા એવૉર્ડસની સંખ્યામાં ઘણો વધારો કરવો.
- પ્રત્યેક શાળાના શ્રેષ્ઠ શિક્ષકને સન્માનિત કરવો જોઈએ.
- અંતરિયાળ ગામડાંઓમાં નિયુક્ત શિક્ષકોની શાળાઓમાં અલ્પ હાજરી.
- શિક્ષકો પ્રાયઃ નોકરીના સ્થળે નિવાસ ન કરતાં અપ-ડાઉન કરતા હોવાથી નોકરીના નિયત સમયમાં અનિયમિત રહે છે, ગામ સાથે સંપર્કવિહોણા બની જાય છે અને તેથી નોકરીના સ્થળે નિવાસ ફરજિયાત કરવો જોઈએ.
- શિક્ષકોએ પોતાની અંગત સમસ્યાઓ / પ્રશ્નો ઘેર મૂકીને શાળામાં જવું જોઈએ.
- શિક્ષકનાં વાણી, વર્તન અને વ્યવહારમાં રોલ મોડેલ અપેક્ષિત છે.
- શિક્ષક એક શિલ્પકાર છે, જેમ શિલ્પકાર કૃતિ પ્રતિ વફાદાર બની રહે તેમ શિક્ષકે બાળકના ઘડતર માટે અંગત રસ-રુચિ લઈ પૂરા સમય માટે – બાળક સાથે બાળક બનીને ભણાવવું જોઈએ. પોતે દેશ – રાષ્ટ્ર માટે ભણાવે છે તે ભાવના તેનામાં સતત પ્રદીપ્ત રહેવી જોઈએ.
- શિક્ષકની પ્રયોગશીલતા આવકાર્ય છે.
- શિક્ષક એક અભિભાવક – વાલી પણ છે. તેની સંપ્રેષણકળા પ્રભાવશાળી હોવી જોઈએ.
- કોરો શિક્ષક પ્રાથમિક શિક્ષક માટે લાયક નથી.
- શિક્ષકે પ્રતિ વર્ષ ઉત્તમ પુસ્તકો ખરીદવાં જોઈએ અને વાંચવા જોઈએ તથા અધ્યયનશીલ રહેવું જોઈએ.
- પ્રાથમિક શિક્ષકોમાં અનુસ્નાતક અને પીએચ. ડી.ની ડિગ્રી ધરાવતા શિક્ષકોનું પ્રમાણ ઘણું સારું છે.
- સારા શિક્ષકો લઘુમતીમાં ન આવે તેવી પરિસ્થિતિનું નિર્માણ આવશ્યક.
- શિક્ષકની તુલના ગૂગલ સાથે કદાપિ ન થઈ શકે શિક્ષક જ શ્રેષ્ઠ છે.
- શિક્ષકોની તાલીમમાં વિષયવસ્તુને પ્રાધાન્યતા આપવી જોઈએ નહીં.

**શિક્ષણનું માધ્યમ**

- પ્રાથમિક શિક્ષણ ફરજિયાતપણે માતૃભાષામાં આપવું.

**અભ્યાસક્રમ**

- યોગ અને સ્વાસ્થ્ય શિક્ષણની જોગવાઈ કરવી જોઈએ.
- સાક્ષરી વિષયોના અધ્યાપન ઉપર વધુ પડતો ભાર ન આપવો જોઈએ.
- ગુણવત્તાશીલ અભ્યાસક્રમ અનિવાર્ય.
- અભ્યાસક્રમની ગાઇડલાઇન્સ પૂરી પાડવી. બાકીની કાર્યવાહી માટે જે તે શાળાને સ્વાયત્તતા આપવી.
- વાચન અને લેખનની સાથે જવાબદાર નાગરિક – વિશ્વ નાગરિક ઘડતર ઉપર ભાર મૂકવો.
- વિદ્યાર્થીઓને મૈત્રી-દોસ્તીની તાલીમ આપવી.
- સદ-અસદ કે ખરા – ખોટાની પરખશક્તિ કેળવવી જોઈએ.
- ઉત્તરદાયિત્વની ભાવના કેળવવી.
- સ્વચ્છતાનું મૂલ્ય વિસરાઈ રહ્યું છે, તેને પુનઃ પ્રસ્થાપિત કરવું.

**અધ્યાપન પદ્ધતિ**

- પ્રવૃત્તિઓના માધ્યમથી શિક્ષણ આપવું જોઈએ તથા બાળકોમાં રહેલી સર્જનશીલતાને જાગ્રત કરવી જોઈએ.
- આજના શિક્ષણમાં હૈયું અને હાથની બાદબાકી છે તેના સ્થાને મસ્તક, હૃદય અને હાથનો (Head, Heart and Hand)નો સમન્વય સાધવો.
- અધ્યાપનમાં સંસ્કૃતિ, કળા અને સંગીતનો સમન્વય કરવો.
- ગેય કવિતાઓની પસંદગી કરવી.
- ચોકથી ટૉકની વ્યવસ્થાને તિલાંજલિ આપવી.
- શિક્ષણમાં દંડ પ્રથાની સદંતર નાબૂદી અનિવાર્ય.
- શિક્ષકનું કાર્ય કુંભકાર જેવું છે. વિદ્યાર્થીને હળવેકથી ટપારે તેમાં તેનું હિત જ તેના હૈયામાં રહે છે.
- મંડળ પ્રવૃત્તિ વિકસાવવી.
- હૃદયલક્ષી શિક્ષણને પકડવું અને ગોખણવૃત્તિમાંથી મુક્તિ મેળવવી.

**ગુણવત્તા**

- માત્ર અક્ષરજ્ઞાન અર્થાત્ સાક્ષરતાના આંકડા એ ગુણવત્તા નથી.
- ગ્રામકક્ષાએ ગુણવત્તા વધતી નથી તેની વ્યાપક ફરિયાદો છે.
- શિક્ષણના વ્યાપક વિસ્તારની સાથે તેમાં ગુણવત્તાની ગહનતા હોવી જોઈએ.
- ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ થકી ગામમાં આવતી પીળી બસો પ્રવેશી ન શકે તેવી સ્થિતિ પેદા કરવી.

**પરીક્ષા પદ્ધતિ**

- પરીક્ષા પદ્ધતિ નાબૂદ કરવી, પરંતુ તેના સ્થાને વિદ્યાર્થીનું સતત મૂલ્યાંકન અનિવાર્ય છે.
- બોર્ડની પરીક્ષાઓ સ્વૈચ્છિક રીતે જે વિદ્યાર્થીને આપવી હોય તે આપી શકે છે.
- વિકસિત દેશોની જેમ કોઈ વિદ્યાર્થીને નાપાસ જાહેર કરવો નહીં.

**વિદ્યાર્થી પ્રવેશ**

- સરકારી પ્રાથમિક શાળાઓમાં આર્થિક રીતે નિમ્નસ્તરનાં પરિવારોનાં બાળકો પ્રવેશ મેળવે છે.
- આર્થિક રીતે સંપન્ન પરિવારો તેમ જ નોકરિયાત વર્ગોનાં બાળકો ખાનગી શાળાઓમાં અને પ્રાયઃ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પ્રવેશ મેળવે છે.
- સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉચ્ચવર્ગનાં બાળકોની સંખ્યાનું પ્રમાણ નહિવત.
- સરકારી નોકરી કરતા નોકરિયાતોનાં બાળકો માટે સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ ફરજિયાત કરવો.
- શાળાએ જતાં બાળકો શાળામાં નિયમિત હાજર રહે તે માટે સરકારી આર્થિક લાભો મેળવતાં કુટુંબો માટે શાળામાં જતા તેમના બાળકની હાજરી ધ્યાને લેવી.

**વાલી / સમાજ**

- ફરિયાદ ન કરતાં સૌપ્રથમ ફરજપાલન કરીએ.
- ટીકા નહીં પણ ટેકો કરીએ. જે તે ગામ / નગર / ક્ષેત્રના વિદ્વાનો, શિક્ષણવિદો, સુશિક્ષિતો વતનની શાળાની મુલાકાત લઈ મદદરૂપ નીવડે.
- ગામ શાળા સંચાલન સમિતિ (SMC) યથાર્થ ઉત્તરદાયિત્વ વહન કરે.

- સુચારુ શિક્ષણના અદના સ્તંભ એવા ટ્રસ્ટી, આચાર્યશ્રી, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે સમન્વય.
- ગામની શાળા છે, નહીં કે ગામમાં શાળા છે તે ભાવના પ્રત્યેક ગ્રામજનના હૃદયમાં પ્રજ્જ્વલિત રહેવી જોઈએ.
- શિક્ષણશાસ્ત્રની કૉલેજો (B.ed. / M.ed.)ના અધ્યાપકો પ્રાય: ફેબ્રુઆરી / માર્ચથી જૂન / જુલાઈ સુધી અધ્યાપનકાર્યમાંથી મુક્ત રહેતા હોવાથી પ્રાથમિક શાળાઓના મોનિટરિંગ અને અન્ય આનુસંગિક કાર્યો માટે તેમની સેવાઓનો લાભ લેવો.

**માળખાગત સુવિધાઓ**

- સરકારી પ્રાથમિક શાળાઓમાં માળખાગત સુવિધાઓ જેમ કે શાળાભવન, બ્લેક બોર્ડ અને અન્ય ભૌતિક સુવિધાઓ સંતોષકારક છે.
- કેટલાક અપવાદો બાદ કરતાં શિક્ષકોનો ગુણોત્તર સંતોષકારક છે.
- શિક્ષણમાં ગુણવત્તા લાવવા અને ટકાવી રાખવા તેમ જ તેને સતત ઊર્ધ્વગતિએ લઈ જવા માટે આધુનિક ટૅક્નોલૉજીથી સજ્જ ચેતનવંતુ ગ્રંથાલય અને ક્રિયાશીલ ગ્રંથપાલ અનિવાર્ય હોવા છતાં સરકારી પ્રાથમિક શાળાઓમાં આ બંનેનો સદંતર અભાવ જોવા મળે છે.

**મીડિયાની ભૂમિકા**

- મીડિયાની નકારાત્મક ભૂમિકા રહી છે.
- ખાનગી શાળાઓ શ્રેષ્ઠ અને સરકારી શાળાઓને ખરાબ ચીતરવાની મનોવૃત્તિમાંથી બહાર નીકળી તટસ્થ દર્શન રજૂ કરવું જોઈએ.

**વ્યવસ્થાતંત્ર**

- શિક્ષણ સંબંધી નિર્ણયો શિક્ષણકારો દ્વારા લેવા જોઈએ નહીં કે IAS કે GAS કેડર દ્વારા. કેટલાક અપવાદો બાદ કરતાં આ અધિકારીઓ શિક્ષણના હાર્દને સમજી શક્યા નથી.
- શિક્ષકોની ભરતી, સેવાઓ વગેરેનું વ્યવસ્થાપન કરતાં તંત્રે શિક્ષકોની અંગત અને વહીવટીય સમસ્યાઓના સુખરૂપ ઉકેલ અર્થે સદ્‌ભાવનાપૂર્ણ વ્યવહાર અને વર્તન કરવાં જોઈએ અને શિક્ષકોને મુખ્ય કાર્યાલયના આંટાફેરામાંથી મુક્તિ મળે તેમ કરવું જોઈએ.
- શિક્ષણના ભોગે વહીવટને પ્રાધાન્યતા ન મળે તેમ કરવું.
- નિયમપાલનમાં જડતાના સ્થાને ગુણદોષ આધારિત સ્થિતિસ્થાપકતા હોવી જોઈએ.
- શિક્ષકો પાસે સરકાર દ્વારા શિક્ષણેતર કાર્યો કરાવવામાં આવતાં હોવાથી તેમાંથી મુક્તિ આપવી જોઈએ. આ સમસ્યાના ઉકેલ અર્થે ગામ સંબંધી વિવિધ માહિતી માટે શાળાના આચાર્ય / શિક્ષકના માર્ગદર્શન હેઠળ ગામના સ્નાતકોની સેવા લેવી જોઈએ.
- મોટી સરકારી પ્રાથમિક શાળાઓમાં અથવા કેટલીક શાળાઓ વચ્ચે બિન-શિક્ષક કર્મચારીની ભરતી કરવી જોઈએ.
- સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ શાળા સંચાલન - રિસેસ, રજાઓ, શાળાનો સમય વગેરેમાં આચાર્ય / SMCને સ્વાયત્તતા આપવી.
- શાળાઓમાં શિક્ષણકાર્યનું સતત મોનિટરિંગ અનિવાર્ય.
- ઉદ્યોગોની રીત શિક્ષણમાં ન જ ચાલી શકે.
- રાજ્યના શિક્ષણ વ્યવસ્થાતંત્રમાં મોટા ભાગના અધિકારીઓની જગ્યાઓ ખાલી હોવાથી તેની ગતિશીલતા વિશે પ્રશ્નાર્થ છે.
- સરકાર દ્વારા શિક્ષણના સ્તરને સુધારવા નોંધપાત્ર પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.
- રાજ્યમાં RTEનો સુયોગ્ય અમલ કરવામાં આવી રહ્યો છે.
- ડાયેટ, સીઆરસી અને બીઆરસી વચ્ચે સુયોગ્ય સંકલનનો અભાવ.
- શિક્ષણ બજારું બની ગયું છે તેને અટકાવવું જોઈએ.
- સરકારી શાળાઓ છાસમાંથી માખણ કાઢવાનું કાર્ય કરે છે.
- વિકલાંગ શાળાઓને જરૂરી અનુદાન પૂરું પાડવા સિવાય તેના અભ્યાસક્રમ કે મોનિટરિંગ સંબંધી કોઈ કાળજી સરકાર દ્વારા લેવામાં આવતી નથી. પરિણામસ્વરૂપે આ શાળાઓ વિકલાંગ જ રહી છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## ગાંધીમૂલ્યોના પ્રહરી અને પ્રબુદ્ધ સાક્ષર શ્રી નારાયણભાઈ દેસાઈની ચિર વિદાય....

ગાંધીજીએ નારાયણભાઈને બાલ્યવયે 'અનાસક્તિયોગ' પુસ્તક ભેટમાં આપતાં લખ્યું હતું કે તારા વિશે આશાઓ રાખી છે તે પૂરી કરજે' ને આત્મસાત કરનાર તથા પોતાને 'ગાંધીનો ખેપિયો' તરીકે ઓળખાવનાર અને તેના ગૂઢાર્થને ખરા અર્થમાં ચરિતાર્થ કરનાર એવા ગાંધીમૂલ્યોના પ્રહરી, સર્વોદય - ભૂદાન ચળવળના સક્રિય કાર્યકર, પ્રબુદ્ધ સાક્ષર-સર્જક અને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછીના અધિષ્ઠાતા શ્રી નારાયણભાઈ દેસાઈનું તા. ૧૫ માર્ચ, ૨૦૧૫ના રોજ વેડછીમાં અવસાન થયું. નારાયણભાઈનો ઉછેર મહાત્મા ગાંધીની નિશ્રામાં જ થયેલ હોવાથી, તેમ જ તેમણે પ્રારંભનાં ૨૦ વર્ષ ગાંધીજીના સાંનિધ્યમાં સાબરમતી આશ્રમ અને સેવાગ્રામમાં વિતાવ્યાં હોવાથી તેઓશ્રી ગાંધીજીવનદર્શનથી આકંઠ-વિચાર - વાણી - વર્તનથી પ્રભાવિત હતા. તેમના જ શબ્દોમાં ''મેં ગાંધીને જોયા છે. હોશમાં આવ્યો ત્યારથી જોયા છે. એમના ખોળામાં અને એમની જોડે હું રમ્યો છું. નાનપણનો એમના વિશેનો પહેલો અનુભવ એક દોસ્ત તરીકેનો જ હતો. મેં એમની જોડે કિશોર વય અને યૌવનનાં દશેક વરસ કામ કર્યું છે, એમના ગયા પછી જેને મેં એમનું કામ માન્યું તે કરવામાં શેષ જીવન ગાળ્યું છે''. ગાંધીજીને તેમણે જે ઊંડાઈથી સમજ્યા-પામ્યા હતા તેની પ્રતીતિ ગાંધીજીના જીવન - ચિંતનને ઉજાગર કરતો તેમનો ચાર દળદાર ખંડોમાં રચાયેલો બહુમૂલ્ય ગ્રંથ 'મારું જીવન એ જ મારી વાણી'ના માધ્યમથી થાય છે. વિશ્વની ભાષાઓમાં લખાયેલાં ગાંધીચરિત્રોમાં આ એક સર્વ શ્રેષ્ઠ ગાંધીચરિત્ર છે. એક આકર ગ્રંથ છે. લેખકે આ સંબંધી ઉપલબ્ધ ગાંધી સાહિત્યનું ગહન અધ્યયન - અવલોકન કરતાં અનુભવેલ કે ''મોટા ભાગના ચરિત્રકારોએ રાજનૈતિક પાસાને જેટલું મહત્ત્વ આપ્યું છે એટલું એમના રચનાત્મક પ્રયાસો અને આત્મશુદ્ધિના પ્રયાસોને મહત્ત્વ નથી આપ્યું''. લેખકે આ ખોટની પૂર્તિ અહીં કરી છે, તેમ જ ગાંધીજી વિશે પ્રચલિત કેટલાક ભ્રમોનું નિરસન પણ સાધાર કર્યું છે. આ ઉપરાંત ગાંધીજીવન-દર્શન જનજન સુધી - દેશના સીમાડાઓ બહાર પ્રસારિત કરવા એક નવતર પ્રયોગ તરીકે પોતાના મનના આનંદની લહાણી અને ઉજાણી કરવા 'ગાંધીકથા'નો પ્રારંભ અને આ અન્વયે દેશ-વિદેશમાં કરેલ ૧૧૬ 'ગાંધીકથા'ઓ અને આ કથાઓમાં શ્રોતાઓના સ્તર અનુસારનું વૈવિધ્ય પણ ધ્યાનાર્હ બની રહે છે. ઉદા. તરીકે ગૂજરાત વિદ્યાપીઠની કથામાં રચનાત્મક કાર્યકરો અને વિદ્યાર્થીઓ, અમદાવાદની 'સેવા' સંસ્થાની કથામાં શ્રમજીવી બહેનો અને સ્ત્રીઓ, મૅનજમેન્ટ એસોસિએશનની કથામાં ગાંધીજીની મૅનેજમેન્ટકળા અને તેની લાક્ષાણિકતાઓ, કેરાલાની કથામાં સત્યાગ્રહ, સાબરમતી જેલની કથામાં કેદીઓ અને જેલ અધિકારીઓ વગેરેને કેન્દ્રમાં રાખીને ગાંધીજીના તદવિષયક દર્શનને ઉજાગર કરવામાં આવ્યું હતું. પરિણામે પ્રત્યેક 'ગાંધીકથા' તાજગીપૂર્ણ અને અનોખી બની રહી હતી. આ કથાઓનું યશકલગી રૂપ તત્ત્વ એટલે પ્રસંગને અનુરૂપ સ-રસ 'ગાંધીગીતો' જેની તેમણે સ્વયં લોકપ્રચલિત ઢાળોમાં રચના કરી અને સ્થાનિક કલાકારો પાસે સુમધુર સ્વરોમાં ગાન કરાવડાવ્યું અને સ્થાનિક પ્રજામાં તેનું ઘેલું લગાડ્યું. વળી ગાંધીજીવન-દર્શનની આજના સંદર્ભમાં પ્રસ્તુતતા રજૂ કરવાની સાથે સામ્પ્રતકાલીન ઘટનાઓને પણ વણી લઈને મહામાનવ ગાંધીની માનવીય મર્યાદાઓની વાત સહજતાથી કરતા હતા. અર્થાત્ ગાંધીજી દેવ તરીકે નહીં પરંતુ સામાન્ય બાળક મોહનમાંથી મહાત્મા કેવી રીતે

બની શક્યા તે જ તેમને અભિપ્રેત હતું અને તેમાં તેઓ ખરા ઊતર્યા. વર્તમાન વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ ગાંધીજીવન શૈલીમાં રહેલો છે તે પણ સ્પષ્ટ કરી આપ્યું. આમ, તેમણે 'ગાંધીકથા'ના માધ્યમથી લોકશિક્ષક તરીકે સમાજઘડતરનું ભારે મોટું કાર્ય કર્યું. નારાયણભાઈનાં 'ગાંધીચરિત' અને 'ગાંધીકથા' આ બંને યુગકાર્યો ગાંધીસાહિત્ય ગગનનાં ધ્રુવતારક છે. ખરે જ નારાયણભાઈ એટલે 'ગાંધી જ્ઞાનકોશ'.

શ્રી નારાયણભાઈનો જન્મ તા. ૨૪ ડિસેમ્બર, ૧૯૨૪ના રોજ વલસાડમાં થયો હતો. તેમના પિતાનું નામ મહાદેવભાઈ દેસાઈ અને માતાનું નામ શ્રીમતી દુર્ગાબહેન દેસાઈ હતું. તેમણે પરંપરાગત શાળા-મહાશાળામાં શિક્ષણ લીધું ન હતું. તેમના અવિધિસરના શિક્ષણના શિક્ષકો તરીકે કાકાસાહેબ કાલેલકર, નરહરિ પરીખ, આચાર્ય નરેન્દ્ર દેવ, આચાર્ય ભણસાળી, રાજગોપાલાચારી, રાજકુમારી અમૃત કૌર, મીસ મેરી ઈધમ, મોરિસ ફ્રિડમેન, સાદિક અલી, મહાત્મા ગાંધી વગેરે રહ્યાં છે. તેમણે ૫ વર્ષની વયે તેમના શિક્ષકના માધ્યમથી ગાંધીજીને પત્ર લખીને પૂછ્યું હતું કે ''ભગવાન કૃષ્ણ અર્જુનના ટૂંકા પ્રશ્નોનો ખૂબ જ વિસ્તારથી જવાબ આપે છે તો આપ આશ્રમનાં બાળકોને શા માટે ટૂંકા જવાબો આપો છો ? બીજા જ સપ્તાહે ગાંધીજીએ યરવડા જેલમાંથી નારાયણભાઈને પ્રત્યુત્તર પાઠવેલ કે ''કૃષ્ણને માત્ર એક જ અર્જુન સાથે કામ લેવાનું હતું જ્યારે મારે ઘણા અર્જુનો સાથે.'' શ્રી નારાયણભાઈ ૧૨ વર્ષની વયે ગાંધીજીના સચિવાલયમાં પોતાના પિતાના મદદનીશ તરીકે જોડાયા હતા. તેઓશ્રી પિતાના અને ગાંધીજીના પત્રો ટાઈપ કરતા હતા. તેમણે ટાઈપ કરેલ એક ઐતિહાસિક પત્ર એ છે કે દ્વિતીય વિશ્વ યુદ્ધ ફાટી નીકળ્યા બાદ તૂર્ત જ ગાંધીજીએ જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરને પત્ર લખ્યો હતો, જે શ્રી નારાયણભાઈ દેસાઈએ ટાઇપ કર્યો હતો. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૨માં તેમના પિતાનું અવસાન થયા બાદ તેઓશ્રી 'ભારત છોડો આંદોલન'માં સક્રિય રીતે જોડાઈ ગયા અને ૧૯૪૬ સુધી ગાંધીજી સાથે રહ્યા હતા. ૧૯૪૬-૪૭ દરમિયાન સેવાગ્રામમાં શિક્ષક તરીકે કામ કર્યું. ૧૯૪૭–૧૯૫૨માં વેડછીની ગ્રામશાળામાં નઈ તાલીમના પ્રયોગો કર્યા તેમ જ સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછીની સ્થાપના અને ૧૯૫૨ સુધી અધ્યાપન કાર્ય કર્યું. વિનોબાની ભૂદાન યાત્રામાં ૧૯૫૨-૬૦ સુધી જોડાયેલા રહ્યા અને તેમની સાથે ૧૨૦૦૦ કિલોમીટરની પદયાત્રા દરમિયાન ગુજરાતમાંથી ઘણી મોટી માત્રામાં જમીન ભૂમિદાન પેટે મેળવી શક્યા હતા. આ ઉપરાંત તેમણે અખિલ ભારત સર્વસેવા સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય (૧૯૫૨), અખિલ ભારત શાંતિસેના મંડળ (૧૯૬૨)ના પ્રારંભમાં મંત્રી અને ૧૯૭૧-૭૮ સુધી કૉ-ઑર્ડિનેટર, રાષ્ટ્રીય લોકસમિતિના મંત્રી (૧૯૭૮-૮૧) અને વોર રેઝિસ્ટન્ટ ઇન્ટરનેશનલ'ના પ્રમુખ (૧૯૮૮–૧૯૯૧), 'પીસ બ્રિગેડ ઇન્ટરનેશનલ'ના સ્થાપક ડાયરેક્ટર તરીકે પણ સેવાઓ આપી હતી. ૧૯૬૦થી ૧૯૭૬ સુધી જયપ્રકાશ નારાયણ સાથે કામ કર્યું અને આ દરમિયાન નાગાલૅન્ડમાં શાંતિ સ્થાપનાનું કાર્ય, ચંબલના ડાકુઓની શરણાગતિ, બાંગ્લાદેશના ૮ લાખ નિરાશ્રિતોની સેવા-શુશ્રૂષા, યુદ્ધવિરોધી ચળવળ, નિઃશસ્ત્રીકરણ અને પરમાણુ વિરોધી ચળવળ, સાયપ્રસ રિસેટલમેન્ટ પ્રોજેક્ટ, દેશમાં ૧૫ જેટલાં નગરોમાં વિવિધ સમયે ફાટી નીકળેલ કોમી રમખાણોમાં શાંતિ સ્થાપવાનું કાર્ય વગેરે કાર્યો તેમનાં ચિરંજીવ પ્રદાન બની રહ્યા છે. આમ, શ્રી નારાયણભાઈએ પ્રથમ પચ્ચીસી રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પસાર કરી અને ત્યાર બાદ જયપ્રકાશ નારાયણ અને વિનોબાના અંતરંગ સહકાર્યકર બની રહી ગાંધીચીંધ્યા માર્ગે રાષ્ટ્રના ઘડતરમાં અવિરત સેવા આપતા રહ્યા હતા.

ગાંધી જન્મશતાબ્દી ઉજવણી પ્રસંગે વર્ષ ૧૯૬૯માં ગાંધી વિચારના પ્રચાર-પ્રસાર અર્થે તેમણે અમેરિકા અને રશિયામાં વ્યાખ્યાન-પ્રવાસ ખેડ્યો હતો. આ જ વિચારને કેન્દ્રમાં રાખીને સરદાર જન્મ શતાબ્દી પ્રસંગે 'બારડોલીથી સાબરમતી આશ્રમ' અને 'પોરબંદરથી સાબરમતી આશ્રમ' બે પદયાત્રાઓ પણ તેમણે કરી હતી. ઈ. સ. ૧૯૭૪માં ગુજરાતના નવનિર્માણ આંદોલનને પોતાનો ટેકો જાહેર કરવાની નૈતિક હિંમતની સાથે આ આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કરતાં તેના વિરોધમાં ત્રણ દિવસના ઉપવાસ પણ કર્યા હતા. આ સાથે જ ઈ. સ. ૧૯૭૫માં દેશમાં કટોકટી જાહેર કરવામાં આવતાં તેનો દૃઢતાપૂર્વક વિરોધ કરતી

પત્રિકા / પુસ્તિકાઓ : 'સરમુખત્યારશાહીને સમજીએ', 'કૉંગ્રેસજનો કો ખુલા પત્ર', 'અહિંસક પ્રતિકાર' અને 'અહિંસક પ્રતિકારની પદ્ધતિઓ'નું પ્રકાશન કર્યું હતું.

તેમણે ૫૦ જેટલાં પુસ્તકોનું ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં લેખનકાર્ય કર્યું છે. આ પૈકી 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ', 'મારું જીવન એ જ મારી વાણી' ૪ ખંડ, 'સંત સેવતાં સુકૃત વાધે', 'ગાંધીકથા' (પદ્મા ભાવસાર અને ભદ્રા સવાઈ સંપાદિત), 'ગાંધીકથાનાં ગીતો', 'મને કેમ', 'ટેન્ક સામે લોક', 'વિશ્વકી તરુણાઈ (હિન્દી), 'Towards a Non-violent Revolution', 'Handbook for Satyagrahis', Handbook for Shantisainiks' વગેરે વિશેષ ઉલ્લેખનીય મૌલિક પુસ્તકો છે. જ્યારે 'માટીનાં માનવી', 'રવિ છબિ' અને 'તમસ' અનુવાદિત અને 'જયપ્રકાશ' તથા 'વેડછીનો વડલો' સંપાદિત પુસ્તકો છે. આ ઉપરાંત 'ભૂમિપુત્ર'ના સ્થાપક તંત્રી તરીકે સતત ૮ વર્ષ સુધી અને અન્ય સામયિકો જેમ કે 'સર્વોદય' અને 'વિજિલ' (અંગ્રેજી), 'યકીન' (હિંદી) વગેરેનું સંપાદન કાર્ય કર્યું હતું. વિદ્યાપુરુષ નારાયણભાઈએ ગૂજરાત વિદ્યાપીઠના ૧૦મા કુલપતિ તરીકે (૨૦૦૭ - ૨૦૧૫) તેમ જ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ (૨૦૦૯ - ૨૦૧૦) તરીકે પણ યશસ્વી સેવાઓ આપી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે સાહિત્યને લોકો સુધી પહોંચતું કરવા માટે ૫૦થી અધિક સાહિત્યકારો સાથે ૪૨ દિવસ સુધી 'સાહિત્યયાત્રા'ઓનું આયોજન એ તેમની માતૃભાષા પ્રતિ નિસબતનું પ્રતીતિકારકાર્ય બની રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી નારાયણભાઈને રાષ્ટ્ર અને માનવજાતની સેવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘનો 'શાંતિ પુરસ્કાર', બાંગ્લાદેશ દ્વારા 'સર્વોચ્ચ નાગરિક સન્માન એવૉર્ડ', 'જમનાલાલ બજાજ સામાજિક સદ્‌ભાવના પુરસ્કાર', ગાંધી પ્રેરિત રચનાત્મક કાર્યો માટે 'નાગરદાસ દોશી એવૉર્ડ', ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા 'સવ્યસાચી સારસ્વત એવૉર્ડ', 'દર્શક ફાઉન્ડેશન એવૉર્ડ', 'સ્વામી સચ્ચિદાનંદ સન્માન' વગેરેથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. તેમનાં કાર્યોની જેમ જ તેમની સાહિત્યિક કૃતિઓ પણ ગુજરાતી ભાષા - સાહિત્યનાં પ્રોજ્જ્વલતમ રત્નો સમાન દીપી ઊઠી છે. તેમનાં ગુજરાતી સાહિત્યનાં બે ગદ્ય મહાકાવ્યો પૈકી પિતૃતર્પણ રૂપે લખાયેલ ચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' કે જે પ્રકારાન્તરે ગાંધીજીની કથાના અંતરંગ ભાગ તરીકે જ ખ્યાતિ પામેલ છે, જેને મકરંદ દવેએ 'પ્રાણથી સિંચિત થયેલું વાઙ્‌મય તીર્થ' ગણાવીને 'નારાયણ સરોવર'ની ઉપમા આપી છે. આ ગ્રંથ કેન્દ્રિય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીના પુરસ્કારથી વિભૂષિત છે, તો ગાંધીજીવન દર્શનનો અર્ક પ્રસ્તુત કરતો મહાગ્રંથ 'મારું જીવન અ જ મારી વાણી' મૂર્તિદેવી એવૉર્ડથી અલંકૃત છે. આ ઉપરાંત 'નર્મદ ચંદ્રક', 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'ઉમા–સ્નેહરશ્મિ એવૉર્ડ' વગેરેથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વ. નારાયણભાઈનાં પત્નીનું નામ શ્રીમતી ઉત્તરા દેસાઈ હતું. તેમના પરિવારમાં તેમનાં પુત્રી ડૉ. સંઘમિત્રા (ઉમાબહેન) દેસાઈ, પુત્રો શ્રી નચિકેતા દેસાઈ અને શ્રી અફલાતૂન દેસાઈ છે. સ્વ. નારાયણભાઈના અગ્નિસંસ્કાર રાજકીય સન્માન સાથે ગાંધી વિચારકો, રાજકીય અગ્રણીઓ વગેરેની વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં વેડછીમાં વાલ્મીકિ નદીના તટે 'ગાંધી ઓવારા' ખાતે તેમનાં પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા હતા.

શ્રી નારાયણભાઈ દેસાઈના અવસાનથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેમ જ શોક સંતપ્ત પરિવારને દિલસોજી પાઠવે છે. ઈશ્વર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના. આ સાથે અભિલાષા સેવીએ છીએ કે આ દેશના – વિશ્વના નાગરિકોને 'નગરી નગરી, દ્વારે દ્વારે' અને વળી શાળા – કૉલેજો – યુનિવર્સિટીઓમાં ગાંધીજીની વાતો પહોંચાડનારાઓની અને તે પણ શ્રી નારાયણભાઈનાં ભાવ અને ભાષામાં – 'માંડી મેં તો મનના ઉમંગ કેરી લહાણી રે, આવો જેને કરવી હોય ઉજાણી રે' – કદાપિ ખોટ ન હોજો. આપણે સૌ નારાયણભાઈના ચીંધ્યા માર્ગે પ્રવૃત્ત બની રહીએ એ સમયનો તકાજો હોવાથી તેમનાં કાર્યો આપણો ધ્યેયમંત્ર બની રહો એ જ અભ્યર્થના !

**મણિભાઈ પ્રજાપતિ**

# માખી

**લે. કેથેરિન મેન્સફિલ્ડ, અનુવાદ : મોહનલાલ પટેલ**

*[કેથેરિન મેન્સફિલ્ડ (૧૮૮૮-૧૯૨૩)નો જન્મ ન્યુઝીલૅન્ડમાં પણ એણે ૧૯૦૮થી લંડનમાં આવીને સ્થાયી વસવાટ કર્યો. એનું સાહિત્યિક સર્જન મુખ્યત્વે ટૂંકી વાર્તાના ક્ષેત્રે. એના બે વાર્તાસંગ્રહો – 'The Bliss and Other Stories' અને 'The Garden Party and Other Stories' પ્રકાશિત થયેલા છે. એની વાર્તાઓમાં વાર્તાના પ્લોટ કરતાં વાતાવરણનું પ્રાધાન્ય વિશેષરૂપે હોય છે. વર્ણનલાઘવ એની શૈલીનો એક વિશેષ ગુણ છે. વાસ્તવિક અને કાલ્પનિક ઘટનાઓનું સંયોજન એના કથયિતવ્યને ક્યારેક દુર્બોધ બનાવે છે. એની વાર્તાઓમાં એકલતા, નિરાશા અને ઉદ્વિગ્ન મનઃસ્થિતિનું પ્રાધાન્ય જોઈ શકાય છે.*

*The Fly (માખી) વાર્તા ખડિયો, કલમ અને શાહીચૂસ કાગળ (બ્લૉટિંગ પેપર)ના પરિવેશમાં રચાયેલી અસંપ્રજ્ઞાત મનની ગતિની રચના આજના કમ્પ્યૂટર, ઇન્ટરનેટ અને સ્માર્ટ ફોનના યુગમાં પણ ચિત્તનો કબજો લઈને ચિરંજીવ બની રહે એવું વિશ્વસાહિત્યનું અણમોલ નજરાણું બની રહી છે.]*

કોઈ બાળક એની બાબાગાડીમાંથી ડોકિયું કરીને તાકી રહે એમ વૃદ્ધ વૂડફિલ્ડ લીલા રંગના ચામડાની મોટી આરામખુરશીમાંથી એના મિત્ર બૉસ તરફ તાકી રહ્યો. પછી બોલ્યો : 'તમે તો અહીં ખરાબ હવામાન સામે પૂરેપૂરા રક્ષિત છો. મજાની જગ્યા છે.'

આમ તો, વૂડફિલ્ડની વાતો પૂરી થઈ ગઈ હતી અને એના જવાનો સમય થયો હતો, પણ એને અહીંથી જવાનું મન થતું નહોતું.

નિવૃત્તિ પછી બ્રેઈન હેમરેજે એની ખબર લીધી એ પછી એની પત્ની અને છોકરીઓએ એના માટે અઠવાડિયામાં ફક્ત એક દિવસ ઘર બહાર જવાની છૂટ રાખી હતી. એ છૂટના આધારે પ્રત્યેક મંગળવારે એ લોકો એને શહેરમાં જવા દેતાં હતાં.

શહેરમાં જઈને એ શું કરતો હશે એ અંગે પત્ની અને છોકરીઓ કશી કલ્પના કરી શકતાં નહોતાં, પણ એમની ધારણા હતી કે એ કદાચ એના મિત્રોને ત્યાં જઈને એમના માટે કંટાળારૂપ બની રહેતો હશે. હા, લગભગ એવું જ હતું. આ વૃદ્ધ વૂડફિલ્ડ એનાથી પાંચ વર્ષ મોટા, તગડા અને ગુલાબી બદનવાળા આ મિત્રની ઑફિસમાં જઈને બેસતો અને ઘણુંખરું સિગાર પીતાંપીતાં લાલચભરી નજરે એની તરફ જોઈને અપરિતૃપ્ત લાલસાથી એના ઑફિસરૂમનાં વખાણ કરતો.

બૉસને પોતાને પણ આ ઑફિસરૂમની સજાવટ માટે ગર્વ હતો. વૂડફિલ્ડ દ્વારા એનાં થતાં વખાણ એને ગમતાં. પોતે પણ અઠવાડિયે અઠવાડિયે – કેટલીય વાર વૂડફિલ્ડને આ ઑફિસની સજાવટ વિશે કહ્યું હતું, એ રૂમના ફર્નિચર, મોટી લાલ ચમકતી કાર્પેટ, મોટું બૂક-કેસ, વળ આપેલા પાયાવાળું મોટું ટેબલ, ઇલેક્ટ્રિક હીટર, માંસના ટુકડા રાખવા માટેનું ચમકતું ત્રાંબાનું પાત્ર વગેરે વિશે વિવિધ વાતો કરતો.

રૂમના આ વૈભવ વિશે એ અહંકારપૂર્વક વાતો કરતો, પણ છ વર્ષ કરતાં વધારે સમયથી ટેબલ પર સ્થાન પામેલા દીકરાના ફોટોગ્રાફ વિશે એ કશી વાત કરતો નહીં. 'મારે તમને કંઈક કહેવાનું હતું.' વૂડફિલ્ડ બોલ્યો. યાદ કરવાના પ્રયત્નમાં એની આંખ જરા ઝીણી થઈ. એ બોલ્યા : "આજે સવારે જ્યારે હું ઘેરથી નીકળ્યો ત્યારે એ મારા મનમાં હતું." આ બોલતાં-બોલતાં એના હાથ ધ્રૂજવા લાગ્યા અને દાઢીથી ઉપરના ભાગમાં રતાશભર્યાં ધાબાં દેખાવા લાગ્યાં.

"બિચારો !" બૉસે મનોમન ઉદ્‌ગાર કાઢ્યો અને પછી એના તરફ દયાભાવ દાખવતાં આંખ જરાક

મિચકારીને કહ્યું : 'તમે ઠંડીમાં બહાર જાઓ એ પહેલાં તમારા માટે પીવાનું કંઈક છે. તમારા માટે એ સારું રહેશે. મજાની ચીજ છે. બાળકને પણ એ હાનિ પહોંચાડે એવી નથી.' આમ કહી એણે ઘડિયાળની ચેઈનમાંથી ચાવી કાઢીને એના ડેસ્ક નીચેનું એક ખાનું ખોલીને એમાંથી કાળા રંગની બેઠા ઘાટની એક જાડી શીશી કાઢી અને બોલ્યો : ''વિન્ડસરના કિલ્લાના ભોંયરામાંથી એક વ્યક્તિ મારફતે આ મેળવી છે.'

આ જોતાં જ વૂડફિલ્ડનું મોં પહોળું થઈ ગયું. બૉસે સસલું કાઢ્યું હોત તો પણ એને આનાથી વધારે આશ્ચર્ય ન થયું હોત. એ બોલ્યો : 'આ વ્હીસ્કી છે, નહીં ?'

બૉસે બૉટલ ફેરવી અને એને પ્રેમપૂર્વક બૉટલ પરનું લેબલ બતાવ્યું. એ વ્હીસ્કીની જ બૉટલ હતી.

વિસ્મયના ભાવથી વૂડફિલ્ડ એ બૉટલ તરફ જોઈને બોલ્યો : 'ઘરમાં મને એ લોકો આને સ્પર્શવા પણ ન દે.' આટલું બોલતાં તો એનો ચહેરો રડમસ બની રહ્યો.

'આ બાબતમાં આપણે સ્ત્રીઓ કરતાં વધારે જાણીએ છીએ.' મોટા અવાજે આ બોલીને બૉસ બે ટમ્બલર અને પાણીની બૉટલ લેવા ટેબલ સુધી ગયો. પછી ટમ્બલરમાં આંગળીનું માપ રાખીને વ્હીસ્કી રેડ્યા બાદ એણે કહ્યું : 'આનાથી તમને સારું જણાશે. એમાં પાણી રેડશો નહીં. એમ કરવાથી એ મંદ પડી જશે.'

આટલા સૂચન પછી બૉસે પોતાનો ગ્લાસ હલાવ્યો. પી લીધા પછી રૂમાલ વડે ઝડપથી મૂછો લૂછી નાખી અને તીરછી નજરે વૂડફિલ્ડ તરફ તાકી રહ્યો.

વૂડફિલ્ડે ઘૂંટડો ગળે ઉતાર્યો અને પળભર શાંત થઈ ગયો. આ પીણાએ એને ઉષ્મા આપી અને એના ઠંડા પડી ગયેલા દિમાગમાં પ્રવેશ કર્યો. એની સ્મૃતિ તાજી થઈ અને ઊંડો દમ ભરતાં એ બોલ્યો : 'બરાબર, બરાબર. મારા મનમાં હતું કે તમને એ જાણવું ગમશે કે ગયે અઠવાડિયે છોકરીઓએ બેલ્જિયમમાં રેગીની કબરની મુલાકાત લીધી હતી. અને એ પછી એ છોકરીઓ તમારા દીકરાની કબર સુધી ગઈ હતી. બંને કબરો એકબીજાની નજક છે.' આટલી કહી વૃદ્ધિ વૂડફિલ્ડ બૉસનો પ્રતિભાવ જાણવા જરા અટક્યો. બૉસે કોઈ શાબ્દિક પ્રતિભાવ ન આપ્યો. પણ એની આંખની પાંપણના થરકાટ ઉપરથી એ જાણી શકાયું કે એણે વૂડફિલ્ડે કહ્યું તે સાંભળ્યું છે.

વૂડફિલ્ડે આગળ ચલાવ્યું : 'સ્થળ સારી રીતે સચવાયું છે એ જોઈ છોકરીઓ રાજી થઈ હતી. એની પાછળ ખૂબ કાળજી રખાય છે. કબરો અહીં હોત તો આટલી સારી રીતે ન સચવાતી હોત. તમે હજુ સુધી ત્યાં નથી ગયા, ખરું ?' 'ના, ના.' બૉસનો આ જવાબ. વિવિધ કારણોસર બૉસનું ત્યાં જવાનું બન્યું નહોતું. 'ઘણો મોટો વિસ્તાર છે', વૂડફિલ્ડે કહ્યું : 'કોઈ બાગ જેવું બધું ચોખ્ખું. બધી કબરો ઉપર ફૂલ ઉગાડ્યાં છે. સુંદર પહોળા રસ્તા...' વૂડફિલ્ડના અવાજ ઉપરથી એની પહોળા રસ્તાની ચાહના પરખાઈ આવતી હતી.

થોડી વાર મૌન છવાયું.

પછી આશ્ચર્યકારક રીતે વૂડફિલ્ડમાં તેજી દેખાઈ. એ બોલ્યો : 'તમે જાણો છો, હોટલવાળાએ જામની એક નાની સરખી તુંબડીના કેટલા પૈસા લીધા ?! દસ ફ્રાન્ક ! નરી લૂંટ ! નાની સરખી તુંબડી હતી એની અડધા ક્રાઉન કરતાં પણ ઓછી કિંમત ગણાય એવું ગરટ્રયુડ કહેતી હતી. એક ચમચીભર ખાધું નહીં અને એ લોકોએ દસ ફ્રાન્ક પડાવી લીધા ! એ લોકોને પાઠ ભણાવવા ગરટ્રયુડ તુંબડી જ ઉઠાવી લાવી. એણે બરાબર કર્યું. એ લોકો આપણી લાગણીઓનો ગેરલાભ લે છે. એ એવું વિચારતા જણાય છે કે આપણે જે હેતુથી ત્યાં જઈએ છીએ એ હેતુવશ આપણે ગમે તે ચુકવણું કરીશું... વાત એમ છે.' આટલું કહીને વૂડફિલ્ડ બારણા તરફ ફર્યો.

'સાચું છે, સાચું છે' બૉસ મોટેથી બોલ્યો, પણ શું સાચું હતું એ એના ધ્યાનમાં રજ માત્ર નહોતું. એ દરવાજા સુધી વૂડફિલ્ડને અનુસર્યો. વૂડફિલ્ડને વિદાય આપી.

વૂડફિલ્ડ ગયો.

બૉસ ક્યાંય સુધી શૂન્ય તરફ દૃષ્ટિ માંડીને ઊભો હોય એમ ઊભો રહ્યો.

એ વખતે એની ઑફિસનો શ્વેતકેશી સેવક કશીક આજ્ઞા મેળવવા કોઈ ઉત્સુક શ્વાનની જેમ એની ખોલી (એને ફાળવેલી ખાસ કેબિન)માંથી અંદર-બહાર આવ-જા કર્યા કરતો હતો.

આખરે બૉસે એને સૂચના આપતાં કહ્યું : 'મેકેય, અર્ધા કલાક સુધી હું કોઈને મળીશ નહીં; સમજણ પડી ?

કોઈને પણ નહીં.'

'જી, બહુ સારું, સર.' આજ્ઞા શિરોધાર્ય કરતાં મેકેયે જવાબ વાળ્યો.

બારણું ભિડાઈ ગયું. ભારે પગલાં લાલ કાર્પેટ પર મંડાવા લાગ્યાં. જાડું શરીર સ્પ્રિંગવાળી ખુરશીમાં બેસી પડ્યું અને આગળ તરફ નમીને એણે પોતાના હાથ ચહેરા ઉપર ઢાંકી દીધા. એને રડવું હતું. રડવા માટે જ એણે આ ગોઠવણ કરી હતી.

વૃદ્ધ વૂડફિલ્ડે દીકરાની કબરની મુલાકાત અંગે પોતાના વિશે કરેલી ટકોરથી બૉસને એક જબરદસ્ત આંચકો લાગ્યો હતો. બરાબર જાણે એવું બન્યું કે કબર નીચેની માટી ખસી ગઈ અને દીકરાને વૂડફિલ્ડની છોકરીઓ તાકી રહી હોય એ સ્થિતિમાં સૂતેલો જોયો. આ વિચિત્ર હતું. છ વર્ષ કરતાં વધારે સમય વીતી ગયો હોવા છતાં આજ સુધી તો એણે દીકરાને કશા ફેરફાર કે વિકૃતિ વગર એના લશ્કરી યુનિફૉર્મ સાથે જ કાયમ માટે સૂતેલો કલ્પ્યો હતો.

'મારા દીકરા !' બૉસે આક્રંદભર્યો ઉચ્ચાર કર્યો, પણ આંખમાં આંસુ ઊભરાયાં નહીં. ભૂતકાળમાં પણ દીકરાના મૃત્યુ પછી આરંભના મહિનાઓમાં કે વર્ષોમાં, જ્યારે આંસુ વહેવા માટેના જબરદસ્ત આવેગ સિવાય શોકને ઓછો કરી શકે એવું કંઈ ન હોય ત્યારે પણ બૉસ માટે તો આ આક્રંદભર્યા શબ્દો જ નિર્માયા હતા. દીકરાના અવસાન વખતે એણે કહ્યું હતું કે સમયનું વહેણ એના શોકમાં કશો બદલાવ આણી શકે એમ નથી. બીજા લોકો સમયના પસાર થવા સાથે પોતાના દુઃખમાંથી મુક્તિ મેળવી શકે પણ પોતે નહીં. એ કેવી રીતે શક્ય બની શકે ? દીકરો પોતાનો એકનો એક હતો. એના જન્મ પછી એના માટે જ પોતે ધંધાનો વિકાસ કર્યો હતો. ધંધાનો વિકાસ દીકરા માટે ન હોય તો ધંધાનો શો અર્થ ? જીવનનો બીજો કોઈ અર્થ જ નહોતો. પોતે જ્યાં મૂકી દીધું હોય ત્યાંથી દીકરો ઉપાડી લે એવી ખાતરી ન હોય તો આટલાં વર્ષ ધંધાની ગુલામી કરવાનો અને બધું ખેંચ્યે રાખવાનો પણ શો અર્થ ?

અને એ ખાતરી પરિપૂર્ણ થવાને આરે હતી. યુદ્ધ આરંભાયું એ અગાઉ એક વર્ષથી દીકરો ઑફિસમાં આવી ધંધાનાં સૂત્રોથી માહિતગાર થવા લાગ્યો હતો. બાપ-દીકરો રોજ સવારે સાથે ધંધા પર જતા અને પાછા ફરતી વખતે બંને એક જ ટ્રેનમાં સાથે પાછા ફરતા. છોકરાના પિતા તરીકે એને કેવાં અભિનંદન મળ્યાં હતાં ! એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નહોતું. દીકરાએ આશ્ચર્યકારક રીતે ધંધાનો દોર હાથમાં લેવા માંડ્યો હતો. જોકે કર્મચારી વર્ગમાં એની લોકપ્રિયતા બાબતમાં સ્ટાફના નાના માણસથી માંડીને વૃદ્ધ મેકેય સુધી આ છોકરાને પૂરા સમજી શક્યા નહોતા. આમ છતાં એની આ છોકરા ઉપર જરા પણ અવળી અસર નહોતી. એ તો એના મીઠા સ્વભાવ પ્રમાણે સૌના માટે મીઠી વાણીનો ઉપયોગ કરતો. એની બાળક જેવી મુખમુદ્રા અને વાણી ખરેખર મોહક હતાં.

પણ આ બધું પૂરું થઈ ગયું. અને એ હતું-નહોતું થઈને રહ્યું. એક દિવસ એવો આવ્યો કે વૃદ્ધ મેકેયે બૉસના હાથમાં એક તાર (ટેલિગ્રામ) મૂક્યો. આખું સ્થળ જાણે કડ્ડ્ડ્ ભૂસ કરતું એના માથા પર તૂટી પડ્યું. તારમાં હતું, 'અમે દિલગીરી સાથે જણાવીએ છીએ કે...'

વિનાશના આરે મુકાઈ ગયેલા જીવનમાં ભાંગી પડેલા એક માણસના રૂપમાં દીકરાએ ઑફિસ છોડી. એને લશ્કરમાં જોડાવું પડ્યું.

છ વર્ષ પૂર્વે, છ વર્ષ ! સમય કેટલી ઝડપે વહે છે ! જાણે આ ગઈ કાલે જ બન્યું હોય. બૉસે ચહેરા પરથી હાથ ઉઠાવ્યા. મૂંઝવણનો પાર નહોતો. પોતાનામાં કંઈક ખોટું બની રહ્યું હોવાનું એણે જણાયું. એ જે લાગણીનો અનુભવ કરવા ઇચ્છતો હતો તે થતી નહોતી. એણે ઊભા થઈને દીકરાના ફોટોગ્રાફ ઉપર દૃષ્ટિ માંડવાનું વિચાર્યું. આ એની પસંદગીનો ફોટોગ્રાફ નહોતો. એમાં દીકરાનો મુખભાવ ઠંડો અને જડત્વભર્યો હતો. એની હયાતીમાં એ કદી એવો દેખાયો નહોતો.

આ દરમિયાન બૉસના ધ્યાન પર આવ્યું કે ટેબલ પર શાહીના ખડિયામાં એક માખી પડી ગઈ છે અને એ બહાર આવવા મરણિયો પ્રયાસ કરી રહી છે. એના તરફડિયાં મારતા પગ જાણે 'મદદ કરો', 'મદદ કરો' કહી રહ્યા છે. ખડિયાની બાજુઓ ભીની અને લપસણી હતી. માખીએ એના પર ચઢવાનો પ્રયાસ તો કર્યો, પણ વ્યર્થ. એ પડી ગઈ અને શાહીમાં તરવા લાગી. બૉસે કલમ લીધી અને એના વડે માખીને બહાર કાઢીને શાહીચૂસ કાગળના એક ટુકડા ઉપર નાખી. ક્ષણાર્ધ માટે એ માખી શાહીચૂસ કાગળ ઉપર, શાહીના શ્યામ ધબ્બા

ઉપર પડી રહી. પછી એના આગળના પગ હાલ્યા અને એમણે શાહીથી તરબતર શરીરને પકડ્યું અને બંને પાંખો ઉપરની શાહી સાફ કરવાનું ભગીરથ કાર્ય આરંભ્યું. આંખની ઉપર અને નીચે, ઉપર અને નીચે પગ ઘસાવા લાગ્યા. પછી થોડો સમય વિરામનો રહ્યો. જ્યારે તેને લાગ્યું કે પગનો ટેકો લઈ શકાશે ત્યારે એણે એક પાંખ પસારવાનો પ્રયત્ન કર્યો અને પછી બીજી પાંખને પસારી. છેવટે એમાં એ સફળ થઈ. આટલું કર્યું પછી બેસીને બિલાડીની જેમ એ મોં સાફ કરવા લાગી. ત્યાર બાદ એણે બંને પગ એકબીજાની સાથે હળવેથી ઘસ્યા. ભયાનક સ્થિતિ પૂરી થઈ, ભય દૂર થયો અને માખી ફરીથી પુનર્જિવન માટે સજ્જ થઈ.

પછી બૉસને એક વિચાર આવ્યો. એણે એની કલમ ફરીથી શાહીમાં બોળી. હાથનું કાંડું શાહીચૂસ કાગળ ઉપર નમાવ્યું અને માખીએ જેવો એની પાંખોનો ઉપયોગ કરવો શરૂ કર્યો એ વખતે એ પાંખો ઉપર એક ભારે ડબકો પડ્યો. આનું શું થાય ? ખરેખર શું થાય ? હવે શું થશે એ વિચારથી માખી સંપૂર્ણપણે સ્તબ્ધ અને બેહાલ થઈ ગઈ. ડરના કારણે હાલી પણ ન શકી પણ પછી વેદનાગ્રસ્ત સ્થિતિમાં એ આગળ તરફ ઢસડાઈ. આગળના પગ હાલ્યા. પકડ લાધી અને આ વખતે વધારે મંદ ગતિએ પેલું કાર્ય ફરીથી આરંભ્યું.

બૉસે વિચાર્યું, આ હિંમતબાજ શેતાન છે. માખીની આ હિંમત બદલ મનમાં પ્રશંસાનો ભાવ જાગ્યો. પરિસ્થિતિને હલ કરવાની આ જ સાચી રીત છે. આ જ સાચો ઉત્સાહ. મરી જવાની વાત નહીં. ફક્ત એટલો જ સવાલ હતો... પણ માખીએ ફરી એક વાર ભારે શ્રમભર્યું કાર્ય પૂરું કર્યું અને કલમને ફરીથી શાહીથી તરબતર કરીને માખીના ચોખ્ખા થયેલા શરીર ઉપર ડબકો પાડવાનો સમય બૉસને મળી ગયો. હવે આ વખતે શું ? અનિશ્ચિતતાની એક પીડાકારક પળ આવીને ઊભી રહી. પણ જુઓ, આગલા પગ ફરીથી હાલવા લાગ્યા. બૉસે રાહતની એક આવેગભરી લાગણીનો અનુભવ કર્યો. એ માખી તરફ નમ્યો અને મૃદુ અવાજે બોલ્યો : 'હે કલાવંત નાનકડી બી (B)... પછી એને શ્વાસની હળવી ફૂંક દ્વારા કોરા થવામાં મદદ કરવાનો એક ઉમદા વિચાર આવ્યો. પણ હવે સ્વપ્રયત્ન માટે માખીમાં શક્તિ રહી નહોતી.

બૉસે એની કલમને શાહીના ખડિયામાં ફરી એક વાર ઊંડે સુધી ઉતારી અને નક્કી કર્યું કે આ વખતે આ આખરી હોવું જોઈએ. હા, એ આખરી હતું. સંપૃક્ત થઈ ગયેલા શાહીચૂસ કાગળ ઉપર આ છેલ્લો ડબકો હતો અને ભીની થઈ ગયેલી માખી એના ઉપર પડી હતી. એ હાલી નહીં. પાછલા પગ શરીરને ચોંટી ગયા હતા. આગલા પગ જોઈ શકાતા નહોતા.

બૉસે એની કલમથી માખીને હલાવી, પણ વ્યર્થ. કશું ન બન્યું. અથવા કશું બનવાની શક્યતા નહોતી. માખી મરી ગઈ હતી.

બૉસે માખીના મૃત શરીરને પેપર-નાઈફથી ઉપાડ્યું અને એને કચરા-ટોપલીમાં નાખ્યું. પણ હવે એના હૈયાને દળી નાખનારી લાગણીએ એને ખરેખરો ભયભીત કરી મૂક્યો. એ આગળ તરફ ખસ્યો અને મેકેયને બોલાવવા માટે બેલનું બટન દાબ્યું.

એણે મેકેયને કહ્યું : 'બીજો નવો શાહીચૂસ પેપર લઈ આવ.

મેકેય ગયો. ત્યાર બાદ પોતે હમણાં શાના વિચાર કરી રહ્યો હતો. એ અચંબાપૂર્વક યાદ કરવા લાગ્યો. શું હતું એ ? એ હતું...

પણ એને એ કદીયે યાદ ન કરી શક્યો.

૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન (૦૭૯) ૨૬૮૬૨૫૯૮

## ઇલાજ

આપણી કુટુંબરચના સ્ત્રીની લાચારી પર, આપણી ઉત્પાદનપદ્ધતિ મજૂરોની કંગાલિયત પર અને આપણી સમાજવ્યવસ્થા અછૂતોની હીનતા પર ટકેલી છે. તે એક અમાનવીય જીવનપદ્ધતિ છે. આને સ્થાને બીજી જીવનપદ્ધતિ લાવવાનો ઇલાજ જીવનશિક્ષણ છે.

**પી૦ મૂર્તિ (અનુ૦ નરોત્તમ પટેલ)**

# AUTONOMY : THE SONG OF THE STRONG , THE SPIRIT OF THE BRAVE

**Dr D.A.Ghanchi**
Formerly Vice-Chancellor, Hem.North Gujarat University

**Prologue:** Man is the only animal who has a free will to pursue and to act on. He is supposed to have been born free. Unfortunately, as the great French philosopher, Rousseau said, he finds himself in chains, sometimes of his own making and most of the times deliberately laid by others. This is why he has always craved to be free from those chains, achieve freedom, and make all efforts to retain that freedom and enjoy its fruits.

Abraham Lincoln, the great American thinker, politician and fighter for the freedom of the slaves in his country , understood the value of freedom seeing the sufferings of the black slaves and reaffirmed that as he would not like to be someone's slave, he would not make someone his slave under any circumstances.

In ancient India man's freedom was valued with great fidelity and commitment. For example, the Atharva Veda, one of the most ancient holy books of ancient India ,also advocated the value of freedom for everyone in these words:

*Open yourself, create free space,*
*Release the bound one from his bonds*
*Like a new born child freed from the womb;*
*Be free to move on along every path.*

Every religion in the world advocates freedom for every human being because to be free is the inherent right of a person. The great Islamic philosopher and poet of the middle ages, Jalaluddin Rumi , too forcefully championed the cause of an individual's freedom in this charming poem:

*You were born with greatness,*
*You were born with wings,*
*You are not meant for crawling.*
*You have wings;*
*Learn to use them, and fly.*

Naturally, therefore, one must feel concerned when one finds so many constraints and debilitating controls on man trying to demand freedom from one or the other form of bondage. Here below is given a part of a song from the famous movie of the year 1939 titled " The Wizards of OZ " which is throbbing with man's craving to fly and be free.

*Somewhere over the rainbow,*
*Bluebirds fly;*
*Birds fly over the rainbow,*
*Why then, Oh why can't I?*

Man seeks freedom for its own sake, for freedom is a value by itself, worth craving for, and if required, worth dying for as Gandhiji used to say during the freedom struggle, namely "Satyagraha "during the 20th century. As psychologists say childhood is the fertile ground to entertain a desire to be free, even waywardly. Here is a child singing to be free and experience the thrill of freedom.

I *want to fly like an eagle*
*Let my spirit carry me;*
*I want to fly like an eagle,*
*Till I am free.*

And, obviously an educational institution is a platform where everyone, be a student, a teacher, an administrator, even a manager and a menial worker must enjoy freedom of mind, of heart, and of soul. The modern-day demand for autonomy has its

roots in this life-giving alchemy that everybody in the system asks for .Lack of autonomy in an educational institution is the root cause of a number of problems that infest the system. They may be problems of quality, of discipline, of management, of malfeance, of human relations, of wastage and of failures and frustrations. Socrates used to emphasize that the therapy of freedom can treat many ailments and disorders of human behavior- physical, moral and social.

**The Concept of Autonomy:** What is this magic thing, Autonomy that has mesmerized generations of the human race all through centuries? Let's try to understand its surface meaning as well as its implied meaning.

The Cambridge dictionary defines autonomy as "the right of a group of people to govern itself or to organize its own activities."The Oxford dictionary says that "autonomy is the freedom for a country, a region or an organization to govern itself or control its own affairs. Further it adds that "an autonomous person is able to do things and make decisions without help from anyone else or without being controlled by anyone."

**The verbal meaning:** The dictionary meaning is formal and is colourless. However, it is indicative of its significant denotation, the main components of which are as follows:

**1**. Autonomy is a sort of a right which the possessor is entitled to, to exercise without let or hindrance.

**2.** Autonomy can belong to a person, a group of persons, an institution or any corporate body like an organization, an institution, a country, a region etc.

**3.** Autonomy is with reference to an activity, which may be formal, informal, physical, notional, and abstract or concrete and so on

**4**. The crucial element in the concept of autonomy is the idea of a right, which brings to the wielder some sort of authority and power to operationalise the particular right and to move appropriate redressing agencies if thwarted from enjoying the right.

**5.** There is a minute entitlement to the beneficiary of autonomy in that he can govern himself and his activities by himself without any sort of outside interference or intervention whether it is a help or an order or an instruction or control.

**6**. One more subtle entitlement is in the form of thinking and decision making by making one's own choice or preference without being forced or helped by an outsider to do so.

**7**. Above all, one is totally free from the threat of being controlled by any outsider. This ensures an unadulterated freedom to the autonomous person.

Well, one has to read between the lines, particularly read the fine print, to derive denotational shades from the verbal expression.

**The worldly Implications:** It would be interesting to look at the connotative dimension of the words defined by the dictionary in merely verbal denotative terms. Looked at in that light the concept of autonomy reveals different shades which may have literary, political, social, cultural, legal, pedagogical and myriad other bearings. Here are a few significant ones:

1.**The Intellectual / Psychological Dimension:** Autonomy facilitates and encourages a person, a group of persons as well as an institution to undertake freely tasks like doing thinking, at surface level as well as at deep level involving critical thinking, speculative thinking, creative thinking and even metathinking; analyzing problems and devising solutions; drawing inferences, conclusions and making hypotheses, comparing and synthesizing thoughts; making decisions and communicating verbally as well as

nonverbally; learning and mastering language skills etc.

**2. The Emotional Dimension**: Autonomy helps and encourages a person/ persons to display mature attitudes and responses; display somberness, stability and composure in expressions, views and opinions; show sensitivity, sympathy, empathy and feelingliness; exhibit passionateness, zest and enthusiasm in specific situations; be resilient when distressed; be able to cope with trying times; and so on.

**3. The Social/ Civic / Political Dimension:** Accountability is likely to instill a sense of responsibility, answerability, accountability, auditability and adaptability- all together surprisingly enough because man is a social animal! It is likely to sensitise and conscientise a person, may instill in him abilities like teambuilding, group working, cooperating and collaborating with others on terms of equality, and prepare the mental ,receptive ground for responsible citizenship based on the principles of liberty, fraternity, justice and the rule of Law.

**4. The Economic/ Corporate / Entrepreneurial Dimension:** Autonomy encourages a person's all-round development by strengthening his psychological and emotional personality. That encourages him to be productive, self-managed, frugal, calculative, risk-taking, with an aptitude for organizing an enterprise, for economizing profit and minimizing loss, and acquiring success in the career.

**5. Moral / Ethical / Spiritual Dimension:** An autonomous person becomes an awakened soul with his inner powers released in abundance. Having achieved the status of a meaningful existence, he is likely to demonstrate a wealth of moral, ethical and spiritual virtues like probity, truthfulness, faithfulness, tenacity, egalitarianism, transparency, word keeping and self-sacrificing when needed. Thus , inspired with an awakened soul, an autonomous person would always proclaim his self-assertion as the poet here below does , like the Hajj pilgrims do when they chant spiritedly in Arabic, "*LABBAYEK ALLKAHUMMA LABBAYEK*" while going near the holy shrine in the Haram Mosque in the city of Mecca. "*LABBAYAK* " means: "Yes, I Will, My God". The poet, Langston Huges, through the following stirring poem , gives that clarion call :

*Above all, be yourself*
*Be, but just don't exist;*
*There's more to life than*
*Just is another name on the list.*

*Be active alive and adventurous*
*Boisterous, brave and bold,*
*Confident, cool and clear-headed*
*Daring, Daring, determined and decisive.*

*Eager, earnest and eloquent,*
*Free thinking, fresh and fun-loving;*
*But above all,*
*BE YOURSELF.*

And it is autonomy of a person which enables him to be himself. The role of education is to provide maximum autonomy to the student and the faculty, among other stakeholders, so that they strive to be their true selves. And autonomy is the one radical agent in the system that can release the rich multiple store of boundless torrential that geyser lies untapped and unutilized in the conventional education system governed through a rigid command and control type of administration.

**Higher Education and Autonomy:** Education is intended to develop the individual's personality in all respects; psychological, social, cultural, spiritual etc.The learner tends to learn faster if he is autonomous in all the dimensions discussed above.

Anthropologists have established that the human person's evolution has been found to be fast and lasting when his

personal freedom is maximum so as to enable him to adjust to various environmental forces in the process. Naturally, the process of his formal and informal education, being a developmental process, also will be immensely accelerated given the learner's autonomy, which must also be accompanied by the teacher's autonomy.

Historically, education in ancient India was a *Gurukul* based autonomous system that was highly productive in terms of the students' all round development. The *Gurus* and the *Acharyas* then too were free from control by any outside agency. And still, they did have ample support, financial and moral, from the native rulers all the time. The universities of Nalanda, Taxila, Vallabhi, Vikramshila and other lesser ones too were autonomous in all respects. Naturally that was the golden period of educational excellence that nurtured the civilizations and culture then.

Education, however, fell on bad days when foreign aggressions took place and political chaos and lawlessness ruled the roost barring a few surviving islands of autonomous institutions, which were few and far between. Consequently, in the India of the Middle Ages education deteriorated. The British completed the trend of downfall by introducing the Macaulay system of education and its authoritarian governance. The affiliating system of higher education became the trademark of the colonial system. And, as we know, that system was inherited and continued largely intact by the country after it achieved political independence in 1947.

Independent India adopted a constitution in 1950 that was a democratic republican type of constitution. It was based on the doctrines of freedom, equality, justice, socialism and secularism. It introduced political autonomy right from the central level, making Parliament the supreme authority to the village level where the Village *Panchayat* was vested with numerous powers. And decidedly did this element of autonomy give a powerful boost to the multisided development of the country.

However, genuine autonomy in the field of education has all along remained an unfulfilled dream. In higher education, it was as late as the Fourth Five-year Plan that autonomy was accepted as a worthwhile innovation to be made under the recommendation of the Kothari Commission (1964-1966).The Commission had recommended that, to begin with , selected 4oo colleges be made autonomous an experimental basis.

This target , however, remained unachieved, not only during the fourth Five-year Plan but has remained so thereafter too , till even now in 2014, despite , in the meanwhile, the implementation of the New Education Policy (1986) and the POA (1986) and (1990) , the onset of the LPG age in 1992, the launching of the RUSA programme in November 2013 and ' more significantly, the installation of the new BJP government in May ,2014. Of course, the issue has been revived recently and a hope has been rekindled with the an assurance by the new government to the effect that "*achchhey din ab aayengey*" ( good days will shortly come ).

So here we are, standing and waiting in the third running year of the twelfth Five-year Plan, for more autonomy to be inducted in the system of higher education which is a mammoth with about 750 universities, 39,000 colleges, about 1.3,000 000 students and 700,000 faculty members, the distance education system not included. It is high time we girded our loins in the higher education system to heed to the demand for quality education needed for transforming the country's demographic dividend of 60 crore youthful population in the age-group 18-23 to equip

them with knowledge, skills and competencies for global employment prospects. Already the challenge has also been vehemently posed by agencies like the UGC, the NAAC, the UNESCO etc.And the cheapest way, mostly non-monetary, is that of introducing the element of autonomy in the system gradually.

The NAAC has suggested the following CORE values India's higher education should serve through its various programmes and activities

1. The higher education should contribute to national development.
2. It should foster global competencies in the students.
3. It should inculcate values in the students.
4. It should promote the use of technology.
5. It should ignite an urge in the hearts of the students and inculcate the quest for excellence and efficiency in respect of everything they do and will be asked to do in life.

It's indeed a challenging future that awaits the students during their student career which will require their utmost endeavour, which, hopefully, will be considerably built up through their autonomous status as students. The NAAC has further suggested what abilities, skills, attitudes and competencies the students at the higher education stage should strive to acquire, their capacities in the meantime being considerably reinforced by their autonomous adventures. Here are those abilities:

1. The students should develop flexibility in their approach to work and life.
2. They should be able to contribute creatively to the stock of knowledge and scholarship of society.
3. They should be able to cope with uncertainties of life and work.
4. They should be interested in life-long learning.
5. They should be highly sensitive to the surroundings they find themselves in.
6. They should be effectively and successfully communicative in life and career.
7. They should be able to work in teams.
8. They should be ready to take up responsibility.
9 They should be entrepreneurial in spirit and action.
10. They should be global/multicultural in their outlook.
11. They should be versatile in technologies of today.
12. They should have mastered the following life skills:

(a).Decision making; (b).Problem solving; (c). Creative thinking; (d).Effective communication; (e). Critical thinking; (f). Interpersonal skills; (g).Self-awareness; (h).Empathy; (i). Coping with emotions; (j). Coping with stress

It is obvious that such an aggressively comprehensive educational programme can never be delivered through a command and control methodology of any known type. It needs to be executed only through the interaction between autonomous players, namely students, teachers, paraprofessionals and other support staff.

We know we have many limitations for being autonomous, as by sheer tradition we have been traditionalists, conformists, authoritarian, inflexible, ritualistic, and easily placated by low quality performance, substandard production, defective workmanship and not unoften an unscrupulous tendency to be corrupt for personal ends, no matter how much would it cost to the society. The most practicable and viable remedy for this to introduce the element of autonomy in the entire system, of course, cautiously, gradually and with all the needed provisions for close and sympathetic monitoring, honest and effective regulation and positive and promotive counseling.

**Introducing Autonomy in India's Higher Education:** We are at a very opportune moment in our history. We are standing on the critical crossroads of change and development. And education is the most critical force that, carefully devised and implemented, can make a difference. It requires to make a deliberate choice of a different path than hitherto pursued- that of autonomy- a calculated adventure into the unknown, that of autonomy, freedom, auditabilty, responsibility, accountability and supreme moral courage. The American poet, Robert frost, advocated such a risky adventure too because it could make a difference in one's destiny. He said :

*Two roads diverged in a wood,*
*and*
*I Took the one less travelled by,*
*And that has made all the difference!*

India is already on the way to becoming a hub of knowledge- general, scientific and technological. Its higher education, therefore, must produce tens and thousands of competent knowledge workers, knowledge generators, knowledge managers and leaders in all walks of life so as to make the country a significant global player. The seeds of such leadership are sown at the school stage and their germination, growth and harvest have to be ensured at the higher education stage.

As seen earlier, already the vision and the goals of higher education have been so articulated as to offer opportunities and challenges to the learners and faculty at that stage that, given their proactive involvement in the process of teaching and learning through the instrumentality of genuine autonomy, they will deliver in the form of a massive output of highly competent and committed human resource.

Thus comes in the centre stage of contemporary thinking in the field of higher education the idea of autonomy which has been long kept in the backyard of the system. Now is the moment to take a decision to bring it out and plan to plant it in the higher education system. How most successfully can we do this? That question merits all attention on the part of the policy framers and the concerned stake holders. Hereafter is suggested one alternative of a feasible and viable process to be called *I.T.R.I.* and there can be many more too, looking to the long experience we have had in the field of educational thinking and practice.

**The Preparatory Measures:** Induction of the all important innovation in the system cannot be a one-shot ad hoc step, but it should be preceded by a carefully planned ground preparatory work with considerable application of the mind. Looking to the present scenario of our higher education, from both qualitative and quantitative angles, the following measures should be taken by appropriate authorities functioning in the field of higher education. One can foresee measures like the following.

**1.** A national policy should be framed in respect of the issue of institutional autonomy. It should clearly lay down what autonomy is, what its components are, what its types are, who will be in charge of its various activities, what the authority and powers will be of the functionaries concerned, who will wield them and how, how the entire innovation will be implemented and with what aims and objectives in mind and what will be the time frame of the entire implementation.

**2.** The procedure to be followed in awarding the autonomy to the existing institutions, to the institutions to be established from time to time, for continuing the autonomous status after a due process necessary for the purpose, the procedure to withdraw the status of autonomy and the entire methodology for regulation, evaluation, monitoring and mentoring should be laid down in clear terms.

**3.**An explanatory dossier should be prepared for laying down the details of every specific type of autonomy and what each would mean. There would, for example, be details of what academic autonomy means in terms of what, who, why, how, etc. It should also explain the implications of autonomous status in terms of management, academics, staff requirements, finance, etc. as well as in terms of the relationship with the state government, the central government and a number of agencies in the field of higher education, laying down privileges and responsibilities.

**4.** A broad guidelines paper should be designed that should provide guidance to various institutions in respect of problems that may arise in course of the implementation of the innovation of autonomy. Its approach should be persuasive, facilitative, encouraging and motivating to treat the programme as an opportunity, as an invitation and as a challenge It may give a short list of Do's and Don'ts too .Its language should be non-threatening but be friendly.

It is hoped that these guidelines will help build up a climate of trust and fellowship cultivating a positive attitude on the part of the various stakeholders to accept the innovation of autonomy, of course, within the bounds of responsibility and resources they have. And that attitude itself would augur well for the scheme to be launched.

**Adopting Autonomy- The I.T.R.I. Process:** Like all changes in a system, the process of adopting autonomy in the higher education system of India is likely to take a fairly considerable period of time given our peculiar work culture, paucity of infrastructural facilities and, of course, an infirm will to exert and to achieve. But there is no lack of desire to change for the better. Of course , sometimes we over desire, so to say, as the great poet and philosopher Dr Mohammad Iqbal says in these lines:

*hajaaron khwahisheyn aisin ,*
*Ki har khwaahish pe dam nikaley,*
*Bahut nikaley merey armaan,*
*Leikin fir bhi kam nikaley.*

Keeping in mind the cautionary words of the poet, the institution that desires to implement the innovation of autonomy, should follow the safe course of four steps within the parameters of the SWOT analysis the institution would make as an essential part of any systematic activity for change. It would be advisable for it to "hasten slowly "in respect of introducing the idea of autonomy in the system. The four-step process has been so designed as to help the institution to proceed systematically given all constraints and facilitators it has. The four steps are:

1. Initiation
2. Trial
3. Reinforcement
4. Integration

Every step requires careful visualization of its scope, planning of activities required, and procedure of implementation including the resources needed and evaluation of the efforts put in and the outcomes realized. Let's have a brief description thereof for the guidance of all concerned.

**1.Initiation:**

1. The institution should clarify what form of autonomy it has chosen to adopt, say academic or administrative, and so on. Its goals in respect of each should be laid down.
2. It should inform all in the institution and win their confidence about the autonomy and its implications on the part of all, and thus build up the environment.
3. It should specify the paradigm shifts that will be required to be done as a required condition to implement autonomy. Such shifts will be in the following prime areas :

1. Vision and goals of the institution to be pursued by management
2. Students to be self-directed , risk taking auto learners with commitment and responsibility
3. The Faculty to be facilitators, motivators, counselors of learning and behavior and mentors of students
4. The educative process would be a lifelong pursuit involving a blend of F2F, distance and environmental experiences
5. The institution to be a proactive, socially responsive learning, and thinking organization
6. It should build up an in-house recurrent training programme for various stake holders on a permanent basis and provide necessary training inputs for launching the programme for the first time.
7. It should get prepared the contents of the entire programme of implementation including the time table and work allotment.
8. It should also get prepared the materials, infrastructure, resources etc needed for the programme.
9. Finally, it should prepare a plan of action for monitoring, evaluation establishing social connectivity and coping with emergencies and unforeseen developments,

A comprehensive initiation plan would certainly provide a highly supportive climate to launch and sustain the programme on healthy lines. Of course, the initiation step will need sustained hard work , patience and imagination, and it may take time of about a term or a semester. But it would be a wise investment.

**2. Trial:** This is the arena of action-sincere, honest, persistent and perseverant action. One needs to do the following activities.

1. The leader should lead from the front the entire team in full steam, encouraging, motivating, supporting and if necessary helping the fellow workers.
2. The workers should assiduously follow the plan and the guidelines in all respects.
3. A systematic detailed record should be kept of all happenings en route ensuring proper documentation
4. A mid course correction or acceleration of speed should be provided.
5. At the end of the term/semester/year a summative report should be prepared, discussed , published and necessary follow-up should be planned.

This step will be needed to be pursued for at least two years during which experiences gained will be consolidated and wherever necessary, may get suitably modified. Keen observation of this stage will be very helpful in making the programme foolproof for the next step of Reinforcement,

**3. Reinforcement:** This stage is meant to give a final shape to the programme. It is almost an error-free assignment to be carried out fluently and confidently so that the programme goes on without any accidents and mishaps. All the workers will be engaged in their activities with superb ease, confidence, composure and commitment . The following activities will be done by them.

1. A careful note will be taken of the operation and confirmation of the expected paradigm shifts will be done.
2. Wherever found necessary, specific activities will be given further boosts.
3. Some activities will be diversified and deepened for better effects.
4. More experimental thrust will be given to a new idea in the process just to reinforce the activity on hand.
5. The usual appraisal, monitoring, and mentoring will be further strengthened to reach a thumping culmination of the tasks involved.

This stage is likely to take two to three years. The successful completion of the entire project will be a suitable gift for all the participants and the institution. That

will be the moment to think of institutionalizing and integrating the idea in the system for future.

**4. Integration:** Having reinforced solidly the process of implementation of autonomy, all the players should sit down with an air of satisfaction of having done the job almost faultlessly and think of integrating the idea in the institutional body organic for good. They should do the following culminatory tasks.

1. They should prepare the final draft of the entire project for adoption by the institution, complete in all respects, particularly the goals, paradigm shifts, details of all tasks, procedural details etc.
2. They should also prepare a manual of action for all to follow in order to implement the project effectively by integrating it with the mainstream programme.
3. A design for future expansion of the project may also be developed so that all the related dimensions of an idea may be conveniently explored in the future.
4. Suitable activities for the training of the stake holders so as to inspire them to dream of newer avenues not only of institutional advancement but also their own professional enhancement should be prepared as a token of the success of the experience so far gathered.

**The Epilogue**: The title of this article rightly extols autonomy as the song of the strong and the spirit of the brave as autonomy is found to be an empowering force of infinite possibilities. Of course, that autonomy should be real and not sham, sustainable and not transient, strong and not weak, genuine and not fake, elevating and not degrading and honest and not manipulative.

India of the 21st century is gradually being reborn ,thanks to its rich cultural heritage and a vibrant democracy supported by a throbbing economy based on modern education, science and technology.

And to conclude, it is hoped that the process of positive transformation that the nation is undergoing thanks to the forces of Liberalisation, Privatization and Globalization , will be considerable strengthened by an enlightened human resource shaped by an education that is genuinely and dynamically autonomous.

*REFERENCES*


1. Ghanchi, D.A. (2009). Demographics, Democracy and Development: The Trio of Challenges for India's Higher Education in the 21st Century. University News Vol.47, No.5,pp.1-5.New Delhi: AIU
2. –. (2012). The shortchanged Customer of India's Higher Education in Need of Urgent Protection. University News Vol. 50 No.1.pp.10-17.New Delhi : AIU
3. –. (2013). The Alternative Architecture of the affiliating System of Management of Higher Education in India. University news Vol.51 No.11 pp. 9-13
4. GOI (1968) National Education Commission (1964-66) Report. New Delhi: GOI
5. –. (1986). National Education Policy (1986). New Delhi : GOI
6. –. ( 1986) Programme of Action (1986). New Delhi : GOI
7. –. (1990) Programme of Action (1990). New Delhi : GOI
8. –. (2009). National Knowledge Commission (2005) Report, New Delhi:" GOI
9. –. (2009). Report of the Committee on Renovation and Rejuvenation of Education (2006). New Delhi : GOI



Near Tower, Bazar, At Kalol,
Dist. Gandhinagar
(M. 9427279744)

# અધિક માસની સરળ-શાસ્ત્રીય સમજ / અધિક માસ શા માટે ? ક્યારે ?

ભૂપેન્દ્ર ધોળકિયા

આ વર્ષે (વિક્રમ સંવત-૨૦૭૧માં) ૧૨ ચાંદ્રમાસને બદલે ૧૩ ચાંદ્રમાસ આવે છે. પહેલો અધિક અષાઢ (પુરુષોત્તમ માસ) જે તા. ૧૭-૬-૨૦૧૫થી તા. ૧૬-૭-૨૦૧૫ સુધી રહેશે. બીજો નિજ અષાઢ માસ (શુદ્ધ બીજો અષાઢ) તા. ૧૭-૭-૨૦૧૫થી તા. ૧૪-૮-૨૦૧૫ સુધી રહેશે.

લગભગ દર ત્રણ વર્ષે આવતા અધિક માસ અંગે લોકોમાં ઓછી જાણકારી હોય છે. તેથી અમુક ભણેલા-ગણેલા લોકો ચર્ચા દરમિયાન અધિક માસને કે તિથિની વધઘટને હિન્દુ ધર્મની ખામી કે ગણતરીમાં ગરબડ ગોટાળા જેવી સ્થિતિ સમજતા હોય છે. વાસ્તવિક રીતે જોઈએ તો કાળગણના (ક્રોનોલોજી) ક્ષેત્ર ભારતીય પંચાંગમાં અધિક માસની ગોઠવણ એક વિશિષ્ટ સમજ અને સૈદ્ધાંતિક સૂક્ષ્મ ગણતરીનું ઊજળું ઉદાહરણ છે. અધિક માસ અંગે સાદી અને સરળ છતાં સ્પષ્ટ શાસ્ત્રોક્ત વિગત સમજીએ.

ભારતીય પ્રણાલિકા અને ખગોળ ગણતરી મુજબ વર્ષના બાર મહિના સૂર્ય-ચંદ્રની વિશિષ ગતિ-સ્થિતિ પ્રમાણે હોય છે. ગુજરાત-મહારાષ્ટ્ર વગેરે પ્રાંતમાં એક અમાસથી બીજી અમાસ સુધી 'ચાંદ્રમાસ' ગણાય છે. જ્યારે ઉત્તર ભારત-મારવાડ વગેરે વિસ્તારમાં પૂનમથી પૂનમ સુધી 'ચાંદ્રમાસ' ગણાય છે. એક ચાંદ્રમાસની લંબાઈ ૨૯॥ (સાડા ઓગણત્રીસ) દિવસ જેટલી હોય છે. ચાંદ્રવર્ષની લંબાઈ ૩૫૪ દિવસ - ૮ કલાક - ૪૮ મિનિટ - ૨૪ સેકન્ડ જેટલી છે. જ્યારે સૂર્યના નિશ્ચિત ભ્રમણ આધારિત 'સૌર વર્ષ'ની લંબાઈ ૩૬૫ દિવસ - ૬ કલાક - ૯ મિનિટ - ૯ સેકન્ડ જેટલી છે. આમ 'ચાંદ્રવર્ષ' નાનું છે. જ્યારે 'સૌર વર્ષ' મોટું છે. ગણિતની રીતે જોઈએ તો આ બંને વર્ષમાન વચ્ચે દર વર્ષે ૧૦ દિવસ - ૨૧ કલાક - ૨૦ મિનિટ ૪૫ સેકન્ડનો તફાવત પડે છે.

આમ સૌર વર્ષ કરતાં ચાંદ્ર વર્ષ આશરે ૧૧ દિવસ નાનું છે. આ તફાવત એક વર્ષને અંતે ૧૧ દિવસ જેટલો, બે વર્ષને અંતે ૨૨ દિવસ જેટલો અને ત્રણ વર્ષની આખરે ૩૩ દિવસ જેટલો થઈ જાય છે.

જો આ તફાવતને ધ્યાનમાં લેવામાં ન આવે અને અવગણવામાં આવે તો આપણા તહેવારો - ઉત્સવો - વ્રત પર્વ દર વર્ષે ૧૧ દિવસ પાછળ ખસતાં જાય (અંગ્રેજી તારીખના સાપેક્ષમાં ૧૧ (અગિયાર) દિવસ જેટલાં દર વર્ષ વહેલાં આવી જાય) આમ થવાથી તહેવાર-વ્રત-પર્વનો ઋતુઓ સાથેનો મેળ જળવાઈ રહે નહીં. કારણ કે ઋતુચક્ર સૂર્યની સાયન ગતિ પ્રમાણે 'સૌર વર્ષ'ને અનુસરે છે. આમ આસો માસની નવરાત્રી ભરઉનાળામાં આવી જાય. ચોમાસું - વર્ષાઋતુ - જન્માષ્ટમી વગેરે શિયાળામાં આવી જાય અને મકરસંક્રાંતિ - હુતાશણી - હોળી જેવા તહેવાર ચોમાસામાં વરસાદના દિવસોમાં આવી જાય.

આમ ન થાય તેવા શુભ હેતુથી આપણા પ્રાચીન ખગોળશાસ્ત્રીઓએ - પંચાંગનાં ગણિતના વિદ્વાનોએ ચાંદ્ર વર્ષમાં અધિક માસ ઉમેરવાનું પ્રયોજન (સમજપૂર્વકનું આયોજન) કર્યું છે. આમ વેધસિદ્ધ ગણતરીથી અધિક માસ મધ્યમમાન (એવરેજ ગણતરી) મુજબ ૩૨ (બત્રીસ) મહિને આવે છે. જ્યારે પ્રત્યક્ષ પંચાંગ મુજબ ગણતરી કરી સ્પષ્ટ માનથી એક અધિક માસ પછી બીજો અધિક માસ ૨૮થી ૩૫ મહિને આવે છે.

અંગ્રેજી (ખ્રિસ્તી) વર્ષ ૩૬૫ દિવસનું છે અને સૂર્યની ગતિ આધારિત ઋતુચક્ર સાથે સંકળાયેલું

'સૌરવર્ષ' અગાઉ જણાવ્યા મુજબ ૩૬૫ દિવસ ૬ કલાક ૯ મિનિટ ૯ સેકન્ડ જેટલી લંબાઈનું છે. આમ ખ્રિસ્તી વર્ષ (ગ્રેગોરિયન કેલેન્ડર વર્ષ) પણ સૌર વર્ષ કરતાં લગભગ ૬ કલાક નાનું છે. આ ૬ કલાકનો તફાવત ચોથા વર્ષે ૨૪ કલાક (૧ દિવસ)નો થતો હોવાથી દર ચોથા વર્ષે 'લીપ વર્ષ' ગણીને ફેબ્રુઆરી માસમાં ૨૮ને બદલે ૨૯ દિવસો ગણીને વર્ષ ૩૬૬ દિવસનું ગણી લેવાય છે.

હિજરી સન-મુસ્લિમ કાલગણનામાં આવી કોઈ ગોઠવણ વ્યવસ્થા થઈ શકી નથી. તેથી હિજરીસનના મહોરમ-રમજાન વગેરે માસ અંગ્રેજી તારીખના અનુસંધાનમાં - સાપેક્ષમાં તપાસીએ તો દર વર્ષે લગભગ ૧૦-૧૧ દિવસ જેટલા વહેલા આવે છે. મુસ્લિમ તહેવારો ચંદ્રદર્શન આધારિત હોવાથી તેમનો સંબંધ હિન્દુ ખગોળ સૂક્ષ્મ પંચાંગની ચંદ્ર તિથિની સાથે મોટા ભાગે જળવાઈ રહે છે. આમ અધિક માસની ગોઠવણને લીધે હિન્દુ તહેવારોને ઋતુઓની સાથે સંઘર્ષ કરવો પડતો નથી. પવિત્ર રમજાન માસના રોજા (ઉપવાસ) લગભગ દસ વર્ષ સુધી શિયાળામાં આવે છે. ત્યારબાદ લગભગ દસ-અગિયાર વર્ષ સુધી ચોમાસામાં આવે છે. ત્યારબાદ લગભગ ૧૦-૧૧ વર્ષ રમજાન માસના રોજા ભરઉનાળામાં આવે છે.

દર ૩૨-૩૩ વર્ષે વિક્રમ સંવત-પારસી સન - ઈસવીસન - શાલિવાહન શક વગેરેની સરખામણીમાં હિજરીસનનો એક આંક (આખું એક વર્ષ) વધી જાય છે. કાળનો પ્રવાહ અનંત છે, પરંતુ કાલગણનાના પ્રકાર અલગ અલગ હોવાથી આવી વિશિષ્ટ પરિસ્થિતિ જોવા મળે છે.

અધિક માસને 'પાવન પુરુષોત્તમ માસ' કહે છે. તેમાં લગ્ન, વિવાહ, વાસ્તુ, જનોઈ કે અન્ય માંગલિક પ્રસંગોના મુહૂર્ત હોતાં નથી. સમગ્ર અધિક માસ દરમિયાન જ્ઞાન-સત્કર્મો-ઉપવાસ - સદ્‌વાચનનો મહિમા વિશેષ છે.

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણની ગણતરી માફક પંચાંગકર્તાઓ ભૂતકાળના અને ભવિષ્યનાં વર્ષોમાં અધિક માસની ગણતરી કરી શકે છે. તેના ગણિતમાં સૂર્ય સંક્રાંતિ અંગેના ખાસ નિયમો અને સિદ્ધાંતો છે. અધિક માસ હંમેશાં ફાગણથી આસો માસ દરમિયાન જ આવી શકે છે. કારતકથી મહા માસ દરમિયાન અધિક માસ આવતો નથી.

**ભૂતકાળના અધિક માસ**

| ક્રમ | વિક્રમ સંવત | અધિક માસ | ઈ. સ. |
|---|---|---|---|
| ૧. | ૨૦૪૧ | શ્રાવણ | ૧૯૮૫ |
| ૨. | ૨૦૪૪ | જેઠ | ૧૯૮૮ |
| ૩. | ૨૦૪૭ | વૈશાખ | ૧૯૯૧ |
| ૪. | ૨૦૪૯ | ભાદરવો | ૧૯૯૩ |
| ૫. | ૨૦૫૨ | અષાઢ | ૧૯૯૬ |
| ૬. | ૨૦૫૫ | જેઠ | ૧૯૯૯ |
| ૭. | ૨૦૫૭ | આસો | ૨૦૦૧ |
| ૮. | ૨૦૬૦ | શ્રાવણ | ૨૦૦૪ |
| ૯. | ૨૦૬૩ | જેઠ | ૨૦૦૭ |
| ૧૦. | ૨૦૬૬ | વૈશાખ | ૨૦૧૦ |
| ૧૧. | ૨૦૬૮ | ભાદરવો | ૨૦૧૨ |

**ભવિષ્યના અધિક માસ**

| ક્રમ | વિક્રમ સંવત | અધિક માસ | ઈ. સ. |
|---|---|---|---|
| ૧. | ૨૦૭૧ | અષાઢ | ૨૦૧૫ |
| ૨. | ૨૦૭૪ | જેઠ | ૨૦૧૮ |
| ૩. | ૨૦૭૬ | આસો | ૨૦૨૦ |
| ૪. | ૨૦૭૯ | શ્રાવણ | ૨૦૨૩ |
| ૫. | ૨૦૮૨ | જેઠ | ૨૦૨૬ |
| ૬. | ૨૦૮૫ | ચૈત્ર | ૨૦૨૯ |
| ૭. | ૨૦૮૭ | ભાદરવો | ૨૦૩૧ |
| ૮. | ૨૦૯૦ | અષાઢ | ૨૦૩૪ |
| ૯. | ૨૦૯૩ | જેઠ | ૨૦૩૭ |
| ૧૦. | ૨૦૯૫ | આસો | ૨૦૩૯ |
| ૧૧. | ૨૦૯૮ | અષાઢ | ૨૦૪૨ |

બી-૮, ન્યૂ ભૂમિકા ફ્લેટ, કે. કે. નગર રોડ,
પોસ્ટ-ચાંદલોડિયા, અમદાવાદ-૩૮૨૪૮૧
(મો. ૯૮૭૯૫૬૨૯૨૬)

## સર્વ વિદ્યાલય, કડીનું ગૌરવગાન

Anthem – A song of Praise

### સોહે સર્વ વિદ્યાલય !

(જીવન અંજલિ થાજો,
મારું જીવન અંજલિ થાજો – એ ઢાળ)

અમૃત અભિનવ સુંદર મારું, સોહે સર્વ વિદ્યાલય;
નંદનવન નિતનવ્ય અમારું, સોહે સર્વ વિદ્યાલય.
– ધ્રુવપદ... (૧)

પ્રજ્ઞાદીપ જલાવી ગોખે, અમ જીવન અજવાળ્યાં;
તિમિર વિદારક જ્યોતિર્મય હે ! દુરિત સઘળાં ટાળ્યાં.
– અમૃત અભિનવ... (૨)

વિદ્યાના અમિરસ નિત પાયા, દિવ્યદૃષ્ટિ શી ! આપી.
અમર કર્યાં કૈં ભાવવિશ્વમાં, લોકહૃદયમાં સ્થાપી.
– અમૃત અભિનવ... (૩)

સર્જનસોહ્યા હસ્તકમળમાં, શિલ્પટાંકણું લીધું;
કંડારી શી ! મૂર્તિ મનોહર, રૂપ અલૌકિક દીધું.
– અમૃત અભિનવ... (૪)

'ભા'ના તેજભર્યાં પ્રાંગણમાં, 'માણેકસ્તંભ' રચીશું;
સૌરભ, સત-શિવ-સુંદરતાથી, પ્રતિદિન પ્રેમે સજીશું;
– અમૃત અભિનવ... (૫)

શ્રી ચરણોમાં વંદન કરતાં, અર્પિત તન-મન-હૈયાં;
મંગલમય હે ! સુર-સરિતામાં, હંકારો અવ નૈયા.
– અમૃત અભિનવ... (૬)

તા. ૫-૨-૨૦૧૫,
ગુરુવાર


પ્રા. જાદવજીભાઈ પટેલ
'રશ્મિભિક્ષુ'
૩૭ અર્ચના, કર્મચારી સોસાયટી,
ગુરુકુલ પાસે, કૉલેજ રોડ,
સાવરકુંડલા-૩૬૪૫૧૫
ફોન (૦૨૮૪૫) ૨૨૩૦૮૩


❖

## યોગી આતમદેશનો

(કંકુ છાંટી કંકોતરી મોકલો –
લગ્નગીતના ઢાળમાં)

ધોળું કેડિયું ને ધોળી એની પોતડી;
ધોળાં નયણે શાં ! ધર્યાં પૂનમતેજ.
– યોગી આતમદેશનો... (૧)

એણે ધૂણી રે ! ધખાવી, ડેરા તાણિયા;
કાંટા-કાંકરાથી છાઈ એની સેજ.
– યોગી આતમદેશનો... (૨)

એણે પેટાવ્યા ઝળહળ દીવડા ગોખમાં;
માંહે પૂર્યાં નિજને નિચોવીને તેલ.
– યોગી આતમદેશનો... (૩)

અક્ષર-ઓરડા ચણ્યા શા ! ધરબી પંડ્યને;
માની ઝૂંપડીને રાજવીનો મ્હેલ !
– યોગી આતમદેશનો... (૪)

એણે રોપ્યા ને ઉછેર્યા જુઓ ! લીંબડા;
બાગે, વીણ્યાં ઝાકળભીનાં પારિજાત !
– યોગી આતમદેશનો... (૫)

નથી નીરખ્યા, ના દીઠું એનું મુખડું;
દીઠાં S.V.નાં રૂપ અભિજાત !
– યોગી આતમદેશનો... (૬)

એનાં ચરણે નમાવ્યું મેં તો શિશને;
પામ્યો અજબ-ગજબનો આધાર !
– યોગી આતમદેશનો... (૭)

પુણ્ય સ્મરણ કીધું મેં એનું ભાવથી;
હૈયે વરસ્યો અષાઢ અનરાધાર.
– યોગી આતમદેશનો... (૮)

તા. ૯-૨-૨૦૧૫
સોમવાર


પ્રા. જાદવજીભાઈ પટેલ
'રશ્મિભિક્ષુ'


(દિવંગત, પૂજ્યપાદ 'છગનભા'નાં
પાવન-ભાવન સ્મરણોમાં)

❖

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**ગુજરાતની ગૌરવકથાઓ**, મોહનલાલ પટેલ, અમદાવાદ, આદર્શ પ્રકાશન, ૨૦૧૧. ૧૧૨ પૃ. કિં રૂ. ૮૦

મોહનલાલ પટેલ આપણા શીલભદ્ર સાક્ષર-સર્જક અને કેળવણીકાર છે. તેઓશ્રી કળા જીવન માટેના પક્ષધર રહ્યા છે, જેની પ્રતીતિ તેમના દ્વારા વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં રચાયેલ વિપુલ અને સમૃદ્ધ સાહિત્યના માધ્યમથી થાય છે. તેઓશ્રી ઇતિહાસ અને સવિશેષતઃ ગુજરાતના ઇતિહાસના મર્મજ્ઞ અભ્યાસુ પણ છે. તેમણે ગુજરાતના ઇતિહાસનું અવગાહન કરીને તેમ જ આધુનિક સમયની કેટલીક ખ્યાત પ્રતિભાઓનાં ચરિત્રોનું અધ્યયન કરીને તેમ જ અધ્યાપકીય ધર્મને કેન્દ્રમાં રાખીને પ્રસ્તુત ગ્રંથમાં ગુજરાતની સંસ્કારિતા અને તેના ગૌરવશીલ ઇતિહાસને ઉજાગર કરતી ગૌરવકથાઓ બાળકો અને કિશોરોને ઇતિહાસાભિમુખ - ઇતિહાસબોધ કરાવવા માટે રજૂ કરી છે. વળી, આ બધી કથાઓ એક ઇતિહાસકારની નિષ્ઠાથી અર્થાત્ આ ચરિત્રો સાથે સંકળાયેલ દંતકથાઓ, ચમત્કારિક ઘટનાઓ કે આધારહીન વિગતોને ગાળીને સ-રસ ભાષાશૈલીમાં - બાળભોગ્ય વાર્તાશૈલીમાં, તેમ જ ગાગરમાં સાગર સમાન રજૂ કરવામાં આવી હોવાથી તેના બાળ-કિશોર વાચકો માટે સહજમાં સુપથ્યકારક છે, તેમ જ તેમના જીવનમાં સંસ્કારસિંચન માટે ઉદ્દીપનનું કાર્ય કરે છે. પ્રકારાન્તરે આ બધી કથાઓ ગુજરાતના અને રાષ્ટ્રના ચારિત્ર્યનું દર્શન કરાવે છે.

અહીં ગુજરાતના વ્યાપક સમાજજીવનનું પ્રતિનિધિત્વ કરતાં ૩૧ તેજસ્વી પ્રતિભાઓનાં ચરિત્રો જેમ કે રાજર્ષિઓ, અમાત્યો, મુસ્લિમ શાસકો - સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, અહમદશાહ બાદશાહ, સયાજીરાવ ગાયકવાડ વગેરે; સંતો, ભક્તિકવિઓ, આચાર્યો - સહજાનંદ સ્વામી, નરસિંહ મહેતા, હેમચંદ્રાચાર્ય વગેરે; ઉદારચેતા સ્ત્રીચરિત્રો - લાછી છીપણ અને મીનળદેવી; રાષ્ટ્રભક્તો - દાદાભાઈ નવરોજી, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ વગેરે; લોકસેવક - રવિશંકર મહારાજ વગેરે; અને વૈજ્ઞાનિક - ડૉ. વિક્રમભાઈ સારાભાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાઈચારા અને સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી રાષ્ટ્રભક્ત મહાન પ્રજા પારસીઓ વિશેની પણ એક કથા સમાવિષ્ટ છે. આ બધા ચરિત્રોની સંક્ષેપમાં જીવનરેખા વર્ણવીને તેમનાં પ્રેરણાદાયી કાર્યો, સાહસિકતા, પ્રામાણિકતા, ચારિત્ર્યશીલતા, વેઠેલ સંઘર્ષો, તેમના દ્વારા રચાયેલ નોંધપાત્ર પુસ્તકો વગેરે ને તેમના જીવનની ઘટનાઓના માધ્યમથી દર્શાવવામાં આવેલ છે. આ સાથે સમાજમાં પ્રચલિત કુરિવાજો અને અંધશ્રદ્ધા નાબૂદી, અસ્પૃશ્યતાનિવારણ, ગુરુ-શિષ્ય સંબંધો, હિંદુ-મુસ્લિમ એકતા, સ્ત્રીકેળવણી વગેરે બાબતોને સંબંધિત ચરિત્ર સાથે ખાસ વણી લઈને - ઉજાગર કરવામાં આવેલ છે. વળી, કેટલીક કહેવતો જેમ કે 'લંકાની લાડી અને ઘોઘાનો વર', 'ન્યાય મેળવવો હોય તો મલાવ જુઓ', 'ઊંબરો મૂકી ડુંગરો પૂજવો' વગેરે કઈ રીતે પ્રચલિત થઈ તેના મૂળ કથાનકો પણ સહજતાથી દર્શાવ્યાં છે. કેટલીક રસપ્રદ માહિતી જેમ કે સૌરાષ્ટ્રના સિંહલ જાતિના રાજા સિંહબાહુના પુત્ર કુમાર વિજય દ્વારા શ્રીલંકામાં ૩૮ વર્ષ શાસન કરવું, સિદ્ધરાજ દ્વારા 'સિદ્ધહેમ' વ્યાકરણગ્રંથની ગ્રંથયાત્રા કાઢવી, મહમૂદ બેગડાએ લડાઈ માટે ગુજરાતમાં તોપોનો સૌપ્રથમ ઉપયોગ કર્યો અને તે દીવથી મંગાવવી, મુંબઈની કૉલેજના ગણિતશાસ્ત્રના પ્રોફેસર દાદાભાઈ નવરોજીનું બ્રિટનની પાર્લામેન્ટના સભ્ય બનવું, સયાજીરાવ ગાયકવાડ દ્વારા રાજ્યનો વહીવટ ગુજરાતી ભાષામાં શરૂ કરવો અને પોતાના રાજ્યમાં દેશમાં સૌપ્રથમ મફત અને ફરજિયાત પ્રાથમિક

શિક્ષણનો અમલ કરવો, ગાંધીજી દ્વારા અબ્બાસ તૈયબજીને 'ગુજરાતના પિતામહ' તરીકે નવાજવા વગેરે બાળકોના સામાન્ય જ્ઞાનમાં વધારો કરવામાં ઉપયોગી પુરવાર થશે.

આમ, સમગ્રતયા અહીં પૌરાણિક કાળથી - શ્રીકૃષ્ણથી શરૂ કરીને લોકસેવક રવિશંકર મહારાજ સુધીના સમયના ગુજરાતના ગૌરવપૂર્ણ ઇતિહાસની અને તેના સંસ્કારજીવનની ઝાંખી મળી રહે છે. આ પુસ્તક કથ્ય અને કથનને ધ્યાને લેતાં પ્રાથમિક - માધ્યમિક કક્ષાનાં બાળકો માટે પૂરક વાચન તરીકે નિયત કરવા જેવું છે. બાળગ્રંથાલયો તથા શાળા ગ્રંથાલયોમાં તેનું ઉમેરણ આભૂષણરૂપ બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

*

**Public Libraries Acts in India : With Library Related other acts** / by Dr. Kanakbala A. Jani and Dr. Kiran A. Jani - New Delhi : Standards Publishers (India), 2015. 396p. ISBN 978-81-87471-87-5

સાર્વજનિક ગ્રંથાલય વૈચારિક ચેતનાના ઘડતર માટે ફેફસાંનું કાર્ય કરે છે. તેની મહત્તા અને ઉપયોગિતાને ધ્યાને લઈને દેશ-વિદેશના ચિંતકોએ સાર્વજનિક ગ્રંથાલયને 'જનસમાજનું વિશ્વવિદ્યાલય', 'શક્તિપ્રતિષ્ઠાન', 'જ્ઞાનનું પ્રવેશદ્વાર' વગેરે અનેકવિધ ગૌરવવંતાં બિરુદોથી નવાજેલ છે. રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલય પ્રણાલીના સુદૃઢ અને સ્થાયી વિકાસ, નાણાકીય પ્રાપ્તિ અને વ્યવસ્થા, નાગરિકોને મફતમાં ગ્રંથાલય સેવાઓ મળી રહે અને રાજકીય અવરોધો વિના સર્વાંશે તે સતત ધબકતું રહે તે માટે રાજ્યની જવાબદારી સુનિશ્ચિત કરવા કાનૂની પીઠબળની જોગવાઈ અનિવાર્ય બની રહે છે. આ હેતુઓની પૂર્તિ માટે ગ્રંથાલય ધારાની અનિવાર્ય આવશ્યકતાને પિછાણીને યુનેસ્કોએ પણ વિશ્વના દેશોને પોતપોતાના દેશ માટે 'સાર્વજનિક ગ્રંથાલય ધારો' ઘડવા અને તેનો અમલ કરવા માટે અપીલ કરી છે. ભારતમાં સૌપ્રથમ આઝાદી પૂર્વે એક માત્ર કોલ્હાપુર રાજ્ય દ્વારા ઈ. સ. ૧૯૪૫માં આ ધારો અમલીકૃત કરવામાં આવ્યો હતો, જોકે આઝાદી બાદ કોલ્હાપુર રાજ્ય મહારાષ્ટ્ર રાજ્યનો હિસ્સો બની જતાં આ ધારાનો અંત આવ્યો હતો. આઝાદી બાદ સૌપ્રથમ મદ્રાસ રાજ્ય દ્વારા ઈ. સ. ૧૯૪૮માં મદ્રાસ પબ્લિક લાઇબ્રેરિઝ એક્ટ, ૧૯૪૮ તૈયાર કરવામાં આવ્યો. પાછળથી આ રાજ્યનું નામ તામિલનાડુ નિયત કરવામાં આવતાં આ ધારો તામિલનાડુ પબ્લિક લાઇબ્રેરિઝ ઍક્ટ, ૧૯૫૦ તરીકે ઓળખાયો. સાર્વજનિક ગ્રંથાલય ધારાની અનિવાર્ય આવશ્યકતા સંબંધિત સત્તામંડળો દ્વારા સ્વીકારવામાં આવી હોવા છતાં માત્ર ૧૭ રાજ્યો પૈકી કેટલાંક રાજ્યોએ ધારો પસાર કરવાની સાથે જ અથવા સમયાન્તરે તેનો અમલ શરૂ કર્યો, તો બીજી બાજુ ગુજરાત સરકારે આ ધારો આઝાદીના ૬૪મા વર્ષે ૨૦૦૧માં પસાર કર્યો, પરંતુ એક આ બીજા કારણોસર આજ સુધી તેને અમલીકૃત કર્યો નથી ! આ એક વિડમ્બના જ ગણવી રહી.

પ્રસ્તુત ગ્રંથમાં ઈ. સ. ૧૯૪૮થી ૨૦૧૪ સુધી ભારતનાં વિવિધ રાજ્યો પૈકી માત્ર ૧૭ રાજ્યો - અરુણાચલ, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાંચલ, ઓરિસ્સા, કર્ણાટક, કેરાલા, ગુજરાત, ગોવા, છત્તીસગઢ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, મણિપુર, મહારાષ્ટ્ર, મિઝોરમ, રાજસ્થાન અને હરિયાણા-ના સાર્વજનિક ગ્રંથાલય ધારાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અહીં આ બધા ધારાઓ જે તે રાજ્ય દ્વારા ધારો પસાર કરવામાં આવેલ વર્ષ અનુસાર કાળક્રમે ગોઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત મોડેલ પબ્લિક લાઇબ્રેરિઝ ઍક્ટસ અંતર્ગત ભારત સરકારના પ્લાનિંગ કમિશન દ્વારા અને ઇન્ડિઅન લાઇબ્રેરી એસોસિએશન દ્વારા રાજ્યોને માર્ગસૂચકસ્તંભ તરીકે તૈયાર કરવામાં આવેલ મોડેલ પબ્લિક લાઇબ્રેરિઝ ઍક્ટસ તથા પ્રસ્તુત ગ્રંથની સંપાદિકા ડૉ. કનકબાળા એ. જાનીએ તૈયાર કરેલ મોડેલ પબ્લિક લાઇબ્રેરિઝ ઍક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે મૂલતઃ એમના Ph.d. માટેના શોધપ્રબંધ 'સાર્વજનિક ગ્રંથાલય ધારાઓનો તુલનાત્મક અભ્યાસ'નો આ એક ભાગ છે. આ મોડેલ એક્ટ તેમણે ભારતના ૧૭ રાજ્યો દ્વારા પસાર કરવામાં આવેલા સાર્વજનિક ગ્રંથાલય ધારાઓનો તેમ જ ભારત સરકારના આયોજન પંચ અને ઇન્ડિઅન લાઇબ્રેરી એસોસિએશન દ્વારા તૈયાર કરવામાં આવેલા

બે મોડેલ ઍક્ટસના સઘન અભ્યાસ અને સંશોધનના આધારે તૈયાર કર્યો છે. ડૉ. જાનીએ અહીં ઉપલબ્ધ ધારાઓમાંથી નોંધપાત્ર બાબતો વીણી-વીણીને સુગ્રથિત કરી છે. આ ઉપરાંત સાર્વજનિક ગ્રંથાલયોના નિભાવ અને આર્થિક સહયોગ સંદર્ભે સ્ટેટ લાઇબ્રેરી ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત ઘણાં બધાં મૌલિક સૂચનો રજૂ કર્યાં છે, જેમાં તેમનાં મૌલિક ચિંતન અને પ્રતિભાનાં દર્શન થાય છે. નેશનલ લાઇબ્રેરિઝ ઍક્ટસ અંતર્ગત ઇમ્પિરિઅલ લાઇબ્રેરી (ઇન્ડેચર વેલિડેશન) ઍક્ટ, ૧૯૦૨, ધ ઇમ્પિરિઅલ લાઇબ્રેરી (ચેન્જ ઑફ નેમ) ઍક્ટ, ૧૯૪૮ અને નેશનલ લાઇબ્રેરી ઑફ ઇન્ડિયા ઍક્ટ ૧૯૭૬; ગ્રંથાલયો સાથે સંબંધિત અન્ય ઍક્ટસ અંતર્ગત ધ પ્રેસ ઍન્ડ રજિસ્ટ્રેશન ઑફ બુક્સ ઍક્ટ, ૧૮૬૭, ડિલિવરી ઑફ બૂક્સ ઍન્ડ ન્યુઝપેપર્સ (પબ્લિક લાઇબ્રેરિઝ) ઍક્ટ, ૧૯૫૪ અને પરિશિષ્ટમાં હૈદરાબાદ પબ્લિક લાઇબ્રેરિઝ ઍક્ટ, ૧૯૫૫, રુલ્સ ઍન્ડ ઓર્ડર્સ ઑફ ધ ગુજરાત પબ્લિક લાઇબ્રેરિઝ ઍક્ટ, ૨૦૦૧, ડિલિવરી ઑફ બૂક્સ (પબ્લિક લાઇબ્રેરિઝ) રૂલ્સ, ૧૯૫૫ અહીં સમાવિષ્ટ છે.

વર્ષ ૨૦૧૪ સુધી દેશમાં વિવિધ રાજ્યો દ્વારા પસાર કરવામાં આવેલા સાર્વજનિક ગ્રંથાલય ધારાઓ મેળવવા માટે રાજ્યોનાં ગેઝેટ ફંફોસવાં, જે તે રાજ્યના સાર્વજનિક ગ્રંથાલય નિયામક / રાજ્ય ગ્રંથપાલને ધારાની નકલ મેળવવા વિનંતીપત્રો લખવા અથવા અંગત સંબંધો ખપમાં લાવીને રૂબરૂમાં મેળવવા અને એકથી અધિક મુદ્રિત સ્વરૂપોમાં તેનો સાચો પાઠ શોધવો એ ખરે જ શ્રમસાધ્ય અને દુષ્કર કાર્ય છે. આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથ સંબંધી ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે ગ્રંથારંભે સાર્વજનિક ગ્રંથાલય ધારાઓનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં સાર્વજનિક ગ્રંથાલય ધારાનો અર્થ, જરૂરિયાત, હેતુઓ, લાક્ષણિકતાઓ, ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય ધારાઓની વિકાસગાથા વગેરેને વર્ણવવામાં વિવેચનાત્મક અને સંશોધકીય અભિગમથી કમ્પાઈલર્સની ધારા સંદર્ભેના ઊંડા અભ્યાસ અને તજજ્ઞતાની સ્પષ્ટ પ્રતીતિ થાય છે. આ લેખ ગ્રંથાલય વિજ્ઞાનના વિદ્યાર્થીઓને સાર્વજનિક ગ્રંથાલય ધારાના તુલનાત્મક પરિપ્રેક્ષ્ય સમજણ કેળવવા ઉપયોગી બની રહેશે. સાર્વજનિક ગ્રંથાલય ધારાઓની સાથે ગ્રંથાલય સંબંધી અન્ય ધારાઓનો આ ગ્રંથમાં સમાવેશ તથા સૂચિ (Index) કમ્પાઈલર્સની દષ્ટિસંપન્નતાનાં દ્યોતક બની રહે છે. તેમનાં વિવિધ રાજ્યો દ્વારા આજ સુધી પસાર કરેલા બધા જ સાર્વજનિક ગ્રંથાલય ધારાઓ અને ગ્રંથાલય સંબંધી અન્ય આનુસંગિક ધારાઓને એક સાથે સુલભ કરી આપતો આ પ્રથમ ગ્રંથ હોવાથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધકો ઉપરાંત નીતિનિર્ધારકો માટે અનેકવિધ રીતે ઉપયોગી બની રહેશે. આવા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજી ગ્રંથના સંપાદન માટે સંપાદકોને અભિનંદન અને આ સાથે ગ્રંથના ઉત્તમ ગુણવત્તાપૂર્ણ મુદ્રણ, ટકાઉ બાંધણી અને આકર્ષક સાજસજ્જા માટે પ્રકાશક મોહિન્દર કુમાર શર્માને અભિનંદન.

નોંધવું રહ્યું કે પ્રસ્તુત ગ્રંથનાં સંપાદિકા ડૉ. કનકબાળા જાની પ્રાયઃ છેલ્લા બે દશકથી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (પાટણ)ના યુનિવર્સિટી ગ્રંથાલયમાં કાર્યરત છે, તેમજ આ જ યુનિવર્સિટીની ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયમાં Ph.D.ના માર્ગદર્શક અધ્યાપક તરીકેની માન્યતા ધરાવે છે અને તેમના માર્ગદર્શન હેઠળ ૬ વિદ્યાર્થીઓ Ph.D. ડિગ્રી હેતુ શોધકાર્ય માટે રજિસ્ટર્ડ થયેલા છે. તેઓશ્રી કોલન ક્લાસિફિકેશનના અધ્યાપનમાં અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. પ્રસ્તુત ગ્રંથ ઉપરાંત તેમના બે અનુવાદિત ગ્રંથો સહઅનુવાદક તરીકે પ્રકાશિત છે : ૧. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનવર્સિટીની B.Lib.I.Sc.ની અભ્યાસસામગ્રી અંતર્ગત A.A.C.R.- Second editionનો ગુજરાતી અનુવાદ (બે ભાગ) ૨. ઈન્ફલિબનેટના સોલ (SOUL) મેન્યુઅલનો ગુજરાતી અનુવાદ. અન્ય સંપાદિકા ડૉ. કિરણ જાની વડસ્માની કૉલેજ ઑફ એજ્યુકેશનમાં ગ્રંથપાલ તરીકે એકાદ દશકથી સેવાઓ આપી રહ્યાં છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આઈ. એ. એસ.

આઈએએસ અને આઈપીએસ માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા લેવાતી પરીક્ષામાં ગુજરાત રાજ્યના ૫૪ વિદ્યાર્થીઓની પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદગી કરાઈ છે. મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના ૧૭ વિદ્યાર્થીઓએ યુપીએસસી દ્વારા લેવાયેલી પ્રિલિમ પરીક્ષા આપી હતી, તેમાંથી ૮ વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા પાસ કરી છે. આ પૈકી ૨ વિદ્યાર્થિનિઓ છે, જે વિશેષ નોંધપાત્ર બાબત છે. સનદી અધિકારી બનવા માટે આ વિદ્યાર્થીઓએ ૨૭ એપ્રિલે લેવાનાર પર્સનાલિટી ટેસ્ટ આપવાનો રહેશે.

ઉલ્લેખનીય છે કે, સનદી સેવાઓ માટે તા. ૧૪થી ૨૦ ડિસેમ્બર, ૨૦૧૪ દરમિયાન મુખ્ય પરીક્ષા લેવામાં આવી હતી.

### આંતરરાષ્ટ્રીય વન દિવસ

વનવિભાગ, ગુજરાત સરકાર અને વનશ્રી ટ્રસ્ટના સહયોગથી અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૧/૩/૧૫ના રોજ પર્યાવરણ બચાવવાના હેતુથી આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં NSSના ૩૮ વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ બચાવવાનાં બેનર અને નારા દ્વારા ઘ-૬થી ઘ-૪ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન ડૉ. રણછોડ રથવી એ કર્યું હતું.

### ઇન્ટર્નશીપ

કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કરિયર ખોજ - A Complete Path Finderના જોઈન્ટ વેન્ચરથી કારકિર્દી ઘડવૈયાઓ માટે માહિતી પ્રદાન કરતું એક "કરિયર ખોજ" પોર્ટલ બનાવવામાં આવ્યું. આ પોર્ટલ ઉપર કોઈ પણ વિદ્યાર્થી Login કરી પોતાને મૂંઝવતા પ્રશ્નોના ઉત્તરો મેળવી શકે છે. આ પોર્ટલ ઉપર બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના વિદ્યાર્થીઓને અલગ-અલગ પ્રોફાઈલ આપી ૩૦ દિવસથી લઈને ૪૫ દિવસ સુધીની ઇન્ટર્નશીપ ટ્રેનિંગ મળશે.

### ઇન્ટરવ્યૂ

બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા સેમેસ્ટર-૮ના વિદ્યાર્થીઓ માટે ઇન્ટરવ્યૂ ટેક્નિક પર વર્કશોપનું આયોજન તા. ૨૦/૨/૧૫ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂ પહેલાં અને ઇન્ટરવ્યૂ દરમિયાન ધ્યાનમાં રાખવા માટેની બાબતો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ વિષય નિષ્ણાત તરીકે ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું.

### ઓરિએન્ટેશન

વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગ દ્વારા આયોજિત ઓરિએન્ટેશન કાર્યક્રમમાં કે. એસ. વી. સંચાલિત પીજીડીસીએ વિભાગમાં તા. ૧૯ માર્ચના રોજ પ્રા. અજિતસિંહ અને પ્રા. યોગેન્દ્રભાઈ; અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજમાં તા. ૨૩ માર્ચના રોજ આચાર્યા ડૉ. વિજ્ઞાબહેન ઓઝા, પ્રા. રણછોડભાઈ રથવી અને પ્રા. સૃજલભાઈ પાઠક; અને અને એમ.એડ. કૉલેજમાં તા. ૨૬ માર્ચના રોજ ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ, પ્રિ. ડૉ. જિજ્ઞાસાબહેન જોશી, અને ડૉ. કુસુમબહેન યાદવ ઉપસ્થિત રહ્યાં હતાં. પત્રકારત્વ વિભાગના કૉ-ઑર્ડિનેટર શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાના માર્ગદર્શન હેઠળ આયોજિત ઓરિએન્ટેશન કાર્યક્રમમાં પત્રકારત્વ વિભાગના ફેકલ્ટી શ્રી મિતેશ મોદી અને મુલાકાતી વ્યાખ્યાતાશ્રી કુંતલ નિમાવતે પત્રકારત્વના અભ્યાસક્રમ અને તેની વિશેષતાઓ તથા આ ક્ષેત્રમાં ઉપલબ્ધ તકો વિશે વિસ્તારથી સમજ આપી હતી. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી.

## ઔદ્યોગિક મુલાકાત

બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓ માટે ઇન્ડિસ્ટ્રઅલ વિઝિટનું આયોજન તા. ૧૨/૨/૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ Zebrata Tiles Pvt. Ltd, Mahalaxmi Timber Mills, Sabar Dairy તથા Umiya Knitting જેવી કંપનીઓની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ કંપનીના ઉત્પાદન, માર્કેટિંગ તથા નાણાકીય વિભાગમાં થતી કામગીરીની માહિતી મેળવી હતી.

## કૅમ્પસ ઇન્ટરવ્યૂ

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV)ના વકીલશ્રી એચ. ડી. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજ અને પી. ટી. સી. કૉલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭/૦૩/૧૫ના રોજ કૅમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેતુસર ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા વગેરે જિલ્લાઓની ૨૫ સ્કૂલોએ ભાગ લીધો હતો. આ બધી શાળાઓના ટ્રસ્ટીશ્રીઓ અને આચાર્યશ્રીઓ શિક્ષકોની પસંદગી માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રશિક્ષણાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરવ્યૂ આપ્યાં હતાં, જેમાં તાલીમાર્થીની લાયકાત આધારે ઉચ્ચ પગાર ધોરણ પર વિવિધ શાળાઓમાં તેમની પસંદગી કરવામાં આવી હતી.

## ઝેનીસીસ – ૨૦૧૫

એલડીઆરપી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર દ્વારા ટેકનોગ્રીન વિષય આધારિત ઝેનીસીસ–૨૦૧૫નું તા. ૧૯–૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આયોજિત ઉદ્ઘાટન સમારોહમાં મંચસ્થ મહાનુભાવો તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રા. ડી. ટી. કાપડિયા, ગુજકોષ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુ, ગ્રીડબોલ્ડસના ફાઉન્ડર ઍન્ડ સીઈઓ શ્રી પુલકિત ગૌર અને પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મહાનુભાવોના વરદહસ્તે ‘Eternite’નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રી પુલકિત ગૌરે વિદ્યાર્થીઓ પહેલવૃત્તિ (innovative)થી સંપન્ન તથા ઓન્ટ્રપ્રનર - Entrepreneur બને તે હેતુસર ટેકનોલૉજી ક્ષેત્રમાં પોતે મેળવેલ સફળતાના પાયાઓની ચર્ચા કરી હતી. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ ટેકનિકલ શિક્ષણક્ષેત્રમાં એલડીઆરપીએ ૧૦ વર્ષ પૂર્ણ કરતાં તમામ સહયોગીઓને અભિનંદન આપીને વિદ્યાર્થીઓ ટેક્નિકલ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરે તે બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. ‘ઝેનીસીસ–૨૦૧૫’માં ગુજરાત રાજ્યની ૬૦થી અધિક ટેક્નિકલ કૉલેજોમાંથી ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ એક્ષ-ઇન્ટન પ્રેજન્ટેશન, હેલઈન સેલ, મેનિયા સહિત ૫૦ જેટલી સ્પર્ધાઓ અને એન્ડ્રોઈટ વિયર, પીસીબી ડિઝાઈન, ઓટોમોબાઈલ એસેમ્બલી જેવા ૭ જેટલા વર્કશોપમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

‘ઝેનીસીસ–૨૦૧૫’માં આયોજિત સ્પર્ધાઓ અંતર્ગત પત્રકારત્વ વિભાગની વિદ્યાર્થિની પલક પટેલે ઇન્ટર પ્રેજન્ટેશન ઈવેન્ટમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

## ગૌરવ

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, સેક્ટર-૨૩, ગાંધીનગરમાં વિનિયનમાં પ્રથમ વર્ષ અંગ્રેજી મુખ્ય વિષયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. એકતા કે. મોદીએ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં પ્રથમ સ્થાન તથા સમગ્ર આર્ટ્સ ફેકલ્ટીમાં આઠમું સ્થાન પ્રાપ્ત કર્યું. અભિનંદન.

## પરિસંવાદ

બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના ૩૨ વિદ્યાર્થીઓએ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ ઍન્ડ વર્ક એકાઉન્ટન્ટસ ઑફ ઇન્ડિયા, અમદાવાદ દ્વારા આયોજિત રાષ્ટ્રીય સ્તરના પરિસંવાદ ‘Repositioning the Role of Cost and Management Accoutans in Emergins Economy’માં ભાગ લીધો હતો.

## પારિતોષિક વિતરણ કાર્યક્રમ

સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં તા.

૨૬/૩/૧૫ના રોજ તાલીમાર્થી બહેનોએ કરેલ વિવિધ કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી સન્માનનીય અતિથિ વિશેષશ્રીઓ સર્વ શ્રી ગંગારામભાઈ પટેલ, પ્રા. શ્રી સુરેશભાઈ ચૌધરી, ડૉ. બી. એસ. પટેલ, શ્રી અશ્વિનભાઈ બી. પટેલ અને ડૉ. સી.જી પટેલની ઉપસ્થિતિમાં પારિતોષિક વિતરણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલીમાર્થી બહેનોએ પોતાના પ્રતિભાવોમાં કૉલેજની શિક્ષણ પ્રણાલી, ગ્રંથાલયસેવાઓ અને અન્ય માળખાગત સુવિધાઓને બિરદાવી હતી. મંચસ્થ મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દીના ઘડતરના માટે કઠોર પરિશ્રમી બની રહેવાની શીખ આપી હતી.

## પીએચ. ડી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**1. Chemistry :**

1. Upadhyay, Vivek Chandrakant : ``Quantitative Determination of Immunosuppressant Drugs in Biological Fluids for Bioequivalence Studies Using Liquid Chromatography-Tandem Mass Spectrometry (LC-MS/MS)" / Subject : Chemistry / Gude : Dr. Pranav S. Shrivastav

**2. Economics :**

2. Anand, Tekpalsingh Pritamsingh : ``An Economical Study of Inter Regional Economic Inequalities in Gujarat" / Subject : Economics / Guide : Dr. Jayendra J. Bhatt

**3. Education :**

3. Buch, Chetna Arun : ``A Comparative Sutdy of Scholastic Achievement of School Students of Gujarat State Studying in Gujarati & English Medium with Reference to Some Variables" / Subject : Education / Guide : Dr. Veenaben Patel

**4. Hindi :**

4. Patlani, Kalpanaben Govindbhai : "स्त्री विमर्श और प्रभा खेतान का कथा साहित्य" / Subject : Hindi / Guide : Dr. Bindu G. Bhatt

**5. Management :**

5. Singh, Abhijeet Kumar Sunilkumar : ``Strategic Business Alignment and IT Business Value : A Study of Role of IT in Strategic Business Alignment in Banking Sector of India" Subject : Management / Guide : Dr. Indra Sen Singh

**6. Psychology :**

6. Parmar, Rashmikant Natvarlal : ``A Comparative Study of Home Environment, Adjustment and Academic / Achievment of Higher Secondary Schools Students / Subject : Psychology / Guide : Dr. Dineshkumar J. Panchal

## લોકગીત સ્પર્ધા

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦/૦૨/૧૫ના રોજ લગ્નગીત–લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળા / કૉલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં એ. એ. પટેલ કૉમર્સ કૉલેજની ચૌધરી નિર્મલા પ્રથમ સ્થાને તેમ જ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનની શ્રીમાળી માલા દ્વિતીય સ્થાને વિજેતા રહી હતી. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણીમંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ અને ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાઈએ આભારવિધિ કરી હતી.

## વિશ્વ મહિલા દિવસ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના વુમન ડેવલોપમેન્ટ સેલ

દ્વારા તા. ૭/૩/૧૫ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત 'બેટી બચાવો બેટી પઢાઓ' હેતુથી કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર–૧૫થી સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર–૨૩ સુધી ગુલાબી સાડીમાં સજ્જ સર્વ વિદ્યાલયની ૩૫૦ શિક્ષિકાઓ દ્વારા વિવિધ બેનરો, ચાર્ટ અને વિવિધ સૂત્રોચ્ચારો જેમ કે 'બેટી બચાવો બેટી પઢાવો', 'નારી તૂ નારાયણી', 'નારી બચાવો સમાજ બચાવો' સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમ જ શેઠ ખીમજી વિસરામ હૉલ ખાતે શાળાની બહેનો દ્વારા પ્રદર્શન તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે નાટક, સમૂહગીત, કાવ્યપઠન, નૃત્ય વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીવનમાં અતિશય સંઘર્ષ સાથે સર્વોચ્ચ સિદ્ધિ મેળવનાર કુમારી હિમાની ત્રિવેદીને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા મહિલા ગૌરવ પુરસ્કાર, વિવિધ ક્ષેત્રોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ યોગદાન આપનાર બહેનો, તેમ જ પીએચ.ડી.ની ડિગ્રી મેળવનાર ૩૭ બહેનોને એવૉર્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વુમન ઑફ ધ યર એવૉર્ડ ૨૦૦૯–૧૦નાં વિજેતા FICCI-FLO, Chennai Chapterનાં શ્રીમતી યામિનીબહેન ઠક્કર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ તથા વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનશ્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં બહેનોને પોતાનાં કાર્યક્ષેત્રમાં ઉજ્જ્વલતમ સિદ્ધિઓ હાંસલ કરવા પ્રોત્સાહિત કરી હતી. કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વાર્ષિકોત્સવ

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના ૧૩મા વાર્ષિકોત્સવની તા. ૩/૩/૧૫ના રોજ ઉજવણી કરવામાં આવી, જેમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રીટોન કંપનીના સંજય ચક્રવર્તી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને નિષ્ફળતામાંથી સફળતા મેળવવા માટેની દિશાઓ અને વિવિધ તબક્કાઓની માહિતી આપી હતી તથા વિડિયો દ્વારા પ્રેરણાત્મક પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ પ્રસંગે આ સમારોહમાં યુનિવર્સિટીના ડાયરેક્ટરશ્રી ડી. ટી. કાપડિયા, સોલૈયા ગામના સરપંચ શ્રી ભાનુભાઈ ચૌધરી, કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી ડૉ. જે. જે. ભટ્ટ, વર્તમાન આચાર્યા શ્રીમતી ડૉ. વિજ્ઞા ઓઝા અને સમગ્ર કૉલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ મનોરંજન કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા તથા વર્ષ દરમિયાન સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન તથા સંચાલન પ્રા. સમીર પંડ્યા અને પ્રા. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજ, એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, આચાર્ય મનુભાઈ જે. પટેલ એમ. એડ્ કૉલેજ અને ડૉ. રામભાઈ એમ. પટેલ પી. ટી. સી. કૉલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭/૩/૧૫ના રોજ વાર્ષિકોત્સવ તથા પારિતોષિક વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં અધ્યક્ષ તરીકે પ્રમુખશ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ અને મુખ્ય મહેમાન શ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ અને અતિથિવિશેષ શ્રી વિપુલભાઈ ટી. રાવળ (ડેપો મૅનેજર, કડી), શ્રી મુકેશભાઈ પટેલ, ડૉ. આર. જે. વ્યાસ અને મંડળની વિવિધ ભગિની સંસ્થાઓના પ્રિન્સિપાલશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વર્ષ - ૨૦૧૪-૧૫માં પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કરનાર તેમ જ મેથડમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર બહેનોને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા ચંદ્રક, ટ્રૉફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ સમારંભમાં ઉપસ્થિત મહેમાનોએ બહેનોની વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓને બિરદાવી હતી, તેમ જ પરીક્ષામાં તથા જીવનમાં ઉત્તમ સફળતા માટેના આશીર્વચન પાઠવ્યાં હતાં.

આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગરનો વાર્ષિકોત્સવ 'સાધના–૨૦૧૫'નું આયોજન શેઠશ્રી ખીમજી વિસરામ ઍન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે તા. ૨૨/૨/૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ડૉ. કનુભાઈ ડી. પટેલ (પ્રમુખશ્રી, સર્વ

વિદ્યાલય કેળવણી મંડળ), ઉદ્‌ઘાટકશ્રી ઋત્વિ એમ. પટેલ (ગવર્નમેન્ટ અને ઇન્ટરનેશનલ આર્ટિસ્ટ તથા અમારી ગુણવંતી ગુજરાત નામક ઓડિયો વિઝ્યુઅલ નૃત્ય નાટિકાના ડાયરેક્ટરશ્રી), મહેમાન તરીકે શ્રી ભરતકુમાર એલ. પટેલ (યુ.એસ.એ.) અને શ્રીમતી પ્રભાબહેન ભરતકુમાર પટેલ (યુ.એસ.એ.) તથા શ્રીમતી સવિતાબહેન કનુભાઈ પટેલ અને અતિથિવિશેષ તરીકે ડૉ. શ્રીમતી વીણાબહેન પટેલ તથા આચાર્ય શ્રી અર્પિતભાઈ ક્રિશ્ચિયન (એમ. બી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ) ઉપસ્થિત રહ્યાં હતાં. મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ્સ, મેડલ્સ તથા મેમેન્ટો અર્પણ કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને વિવિધ કલાઓની તાલીમ : ૧. ભરત નાટ્યમ: શંકુતલા ઓઝા અને દિવ્યા પંડ્યા ૨. શાસ્ત્રીય ગાયન : લોપામુદ્રાબહેન ૩. કથક : હાર્દિકા શુકલા ૪. કરાટે : સેનસાઈ સેલ્વાકુમાર ૫. બ્યુટી પાર્લર : પારુલબહેન ઉપાધ્યાય અને સોનિયાબહેન વ્યાસ ૬. સ્કેટિંગ : વસીમ મનસુરી ૭. વેસ્ટર્ન ડાન્સ : જયદીપ ઉપલા અને કોમલબા ઝાલા ૮. ચિત્રકલા : જયશ્રીબહેન પટેલ અને ધાર્મિક જાની દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે આ તાલીમાર્થીઓ, બાલકલાકારો તથા યુવાકલાકારો દ્વારા સુર, તાલ અને લય સાથે પ્રાર્થના, ભરતનાટ્યમ, કથક, વેસ્ટર્ન ડાન્સ, ફૅશન શો, ફ્યુઝન, શાસ્ત્રીય ગાયનવાદન, કરાટે, સ્કેટિંગ સહિત ૧૮ જેટલી કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. મંચસ્થ મહાનુભાવો તથા એકેડેમીનાં સંચાલિકા દિનાબહેન ડોડિયાએ પોતાનાં ઉદ્‌બોધનોમાં વિદ્યાર્થીઓની કળાને બિરદાવીને ઉજ્જ્વળ કારકિર્દી માટે સતત કાર્યશીલ બની રહેવા શીખ આપી હતી. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ શ્રીમતી અનિતા વસિતા દ્વારા કરવામાં આવી હતી.

## વુમન એચિવર્સ એવૉર્ડ

ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિને સમાજમાં જુદા-જુદા ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર મહિલાઓના સન્માન માટે આયોજિત 'નારી શક્તિ કો સલામ' કાર્યક્રમ અંતર્ગત ગૌરવવંતી સન્નારીઓ 'વુમન્સ એચિવર્સ એવૉર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. આ અંતર્ગત સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરનાં આચાર્યા રવિનાબહેન ક્રિશ્ચિયનને શૈક્ષણિક ક્ષેત્રે સેવાઓ માટે આ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે શ્રીમતી રવિનાબહેન નર્સિંગ ક્ષેત્રમાં ગુજરાત રાજ્યની હૉસ્પિટલ, નર્સિંગ તાલીમ સ્કૂલ્સ, સ્ટેટ નર્સિંગ સુપરવાઈઝર વર્ગ-૧, નર્સિંગ કૉલેજ પ્રિન્સિપાલ વગેરે ક્ષેત્રે ૪૮ વર્ષથી સેવાઓ આપી રહ્યાં છે, અભિનંદન.

## વૃદ્ધાશ્રમની મુલાકાત

તા. ૧/૩/૧૫ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના ૬૦ વિદ્યાર્થીઓએ કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ વડીલો સાથે સમય વિતાવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું.

## શુભેચ્છા સમારોહ

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય - શુભેચ્છા સમારંભ તા. ૨૪/૩/૧૫ના રોજ શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો હતા. આચાર્યશ્રી અને અધ્યાપકોએ વિદ્યાર્થીઓની ઉજ્જવળ ભાવિ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું આયોજન - સંચાલન પ્રો. નીના ગણેશન અને પ્રો. સોનલ લેન્ડેએ કર્યું હતું.

## વક્તૃત્વ સ્પર્ધા

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કેએસવી દ્વારા વર્ષ દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને મેમેન્ટો તથા પ્રમાણપત્ર એનાયત કરવાનો સમારોહ તા. ૩૧ માર્ચના રોજ યોજવામાં આવ્યો હતો, જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવનાર પત્રકારત્વ વિભાગની વિદ્યાર્થિની આશાબહેન લિમ્બાચીયાને મેમેન્ટો તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

## આંતરરાષ્ટ્રીય સ્પર્ધા

શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર ધોરણ : ૬/બીની દેસાઈ માનસી લાભુભાઈ એ ''જીત કોન્ડો સ્પર્ધા''માં નેશનલ કક્ષાએ વિજેતા થઈ તા. ૨૨ માર્ચના રોજ બેંગકોક ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. અભિનંદન

## ઇનામ વિતરણ

શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં વર્ષ દરમિયાન થયેલ શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વિજેતા બનેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્વયે વિજેતા બનેલા વિદ્યાર્થીઓને શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલ તથા સુપરવાઈઝરશ્રીઓના વરદ હસ્તે પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ક્વિઝ

આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ ઉપરાંત સામાન્ય જ્ઞાન આધારિત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર સત્યમ, શિવમ્ અને સુંદરમ્ ટીમો પૈકી શિવમ્ ટીમ પ્રથમ ક્રમે વિજેતા થઈ હતી.

## નિબંધ સ્પર્ધા

શ્રી માતાજીના જન્મદિન પ્રસંગે શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર–૨૩, ગાંધીનગર ખાતે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં જેમાં શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ૧૯ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ–૮/અની વિદ્યાર્થિની કુમારી અનુશ્રી ચંદ્રકાન્તભાઈ પટેલે દ્વિતીય ક્રમે વિજેતા થઈ રૂ. ૧૫૦/– રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર મેળવેલ. આ ઉપરાંત દુમાદિયા પારુલ કે (૬–ઈ) એ રૂ. ૧૦૦/– અને મહેરિયા હિના એમ (૮–ઈ)એ રૂ. ૫૦/–નો પુરસ્કાર મેળવેલ છે.

## પરિસંવાદ

તા. ૨૧/૨/૧૫ના રોજ મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર દ્વારા એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળાના ધોરણ–૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે આઇ. એ. એસ. વિષયક પરિચયાત્મક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બાળવિજ્ઞાન પ્રદર્શન

શાળાનાં બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તથા વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓમાં રસ લેતાં થાય તે હેતુસર શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં બાળવિજ્ઞાન પ્રદર્શનનું આયોજન તા. ૨૭-૨૮, ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ તથા ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે ખુલ્લું મૂકી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રદર્શનમાં ૯૪ જેટલી કૃતિઓ જેમ કે કેનાલ ઉપર સોલર પ્લેટ ગોઠવી પાણીનું બાષ્પીભવન અટકાવવું અને વીજળી ઉત્પન્ન કરવા માટેના પ્રોજેક્ટ, ફરતો બગીચો, ઇલેક્ટ્રિક જનરેટર, મીઠાના પાણીમાંથી વિદ્યુતની પ્રાપ્તિ, ઓટોમૅટિક ટ્રાફિક સિગ્નલ, પાણીના દબાણથી ચાલતી લિફ્ટ, એરકુલર, હીંચકા ખાતાં-ખાતાં બગીચામાં પાણી પાવું, આગ લાગે ત્યારે ઓટોમૅટિક પાણીનો છંટકાવ, સૂર્યપ્રકાશના વક્રીભવન દ્વારા ઑફિસ કે ઓરડામાં પ્રકાશ મેળવવો વગેરે પ્રદર્શિત કરવામાં આવી હતી.

## રાજ્ય સરકારનો પુરસ્કાર

ગુજરાત સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાઓને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવે છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓ પૈકી શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલની પસંદગી થઈ છે. આ યોજના હેઠળ શૈક્ષણિક ગુણવત્તાની સાથે શાળા ભાવાવરણ, અસરકારક વર્ગકાર્ય, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને શાળાનાં પરિણામો, પરિણામલક્ષી લોકભાગીદારી, શાળાની પ્રેરક વિશિષ્ઠ સિદ્ધિઓ વગેરેને ધ્યાનમાં લઈ શાળાની પસંદગી કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે આ શાળાની પસંદગી થતાં ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.

એમ. બારડના હસ્તે રૂ. ૧,૦૦,૦૦૦/-નો ચેક પુરસ્કાર સ્વરૂપે શાળાને મળેલ છે.

આ ઉપરાંત આ શાળાની ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થિનીઓ પાસ થતાં શાળાએ ૧૦૦ ટકા પરિણામ હાંસલ કરતાં કન્યા કેળવણી ઉત્તેજનના ભાગરૂપે ગુજરાત રાજ્ય શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા તા. ૨૧-૩-૧૫ના રોજ મહાત્મા ગાંધીમંદિરમાં યોજાયેલ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રી શ્રી કન્યા કેળવણી નિધિમાંથી માનનીયા મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલના વરદ્દહસ્તે રૂ. ૫૦,૦૦૦નો ગૌરવ પુરસ્કાર શાળાને મળેલ છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે અને મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ શાળાના આચાર્યશ્રી બચુભાઈ પટેલ અને સમગ્ર શાળાપરિવારને આ બંને ગૌરવશીલ સિદ્ધિઓ માટે હાર્દિક અભિનંદન પાઠવે છે.

## વાર્ષિકોત્સવ

એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળા, જે. બી. પ્રાથમિક શાળા, એમ. બી. પ્રાથમિક શાળા અને આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૬/૨/૧૫ ના રોજ નાથીબા હૉલમાં વાર્ષિકોત્સવ ઊજવવામાં આવ્યો હતો. જેમાં ગુરુશિષ્ય પરંપરા વિષયક કાર્યક્રમો આયોજિત કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષપદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમૅન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, ઉદ્દ્ઘાટક તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિશ્રીઓના વરદહસ્તે વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાનાં આચાર્યાશ્રી મિલિસિંઘના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વૃત્તપત્ર

એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા પોતાના ૬ માસિક 'ન્યૂઝ લેટર'ના પ્રકાશનનો એક નવતર પહેલ સમાન શુભારંભ કરવામાં આવ્યો, જેનું વિમોચન વાર્ષિકોત્સવની ઉજવણી પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, ગાંધીનગરના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને અતિથિવિશેષ શ્રી હર્ષદભાઈ શાહ દ્વારા તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. શાળાનું પોતાનું આગવું વૃત્તપત્ર હોવું એ એક અનોખું, આવકાર્ય અને અનુકરણીય કાર્ય છે. આ માટે શાળાનાં આચાર્યા મિલિસિંઘ અને શાળાપરિવારને હાર્દિક અભિનંદન. આ અંકમાં શાળાની શૈક્ષણિક – સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓની વિવિધક્ષેત્રોની સિદ્ધિઓ તથા પસંદગીની રચનાઓ અને ચિત્રો ઉપરાંત શિક્ષકોના લેખો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## શુભેચ્છા સમારોહ

શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય-શુભેચ્છા સમારોહ તા. ૨૫-૩-૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધોરણ-૮ના તમામ વિદ્યાર્થીઓને સેક્ટર-૨૮ના બાલોદ્યાનની મુલાકાતે લઈ જઈ શાળા પરિવારે સમગ્ર દિવસ વિદ્યાર્થીઓ સાથે પસાર કર્યો હતો. આ પ્રસંગે આચાર્યા શ્રીમતી નિવાબહેન પટેલ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓ જીવનમાં પ્રગતિ કરી સફળતા પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળા, ગાંધીનગર દ્વારા ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓનો શુભેચ્છા સમારંભ તા. ૨૪-૩-૧૫ના રોજ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મહેમાનશ્રી તરીકે ડૉ. એ. કે. પટેલ (જનસંપર્ક અધિકારીશ્રી) ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ વિદ્યાર્થિનીઓને કારકિર્દી માર્ગદર્શન તથા વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકનું મહત્ત્વ વિશે ઉદ્દ્બોધન કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થિનીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આચાર્યશ્રી નીરૂબહેન પટેલ તથા શિક્ષકોએ વિદ્યાર્થિનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગર. તા. ૨૫-૩-૧૫ના રોજ ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય

સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ધોરણ-૧થી ૮નાં સંસ્મરણો તાજાં કરી પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિદાયગીતો તથા ડાન્સ રજૂ કરેલ. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં શિક્ષક, શિક્ષણ અને શિસ્તનું મહત્ત્વ સમજાવીને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## શુભેચ્છા સમારોહ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કુમાર છાત્રાલય (ગાંધીનગર, સેક્ટર-૨૩)ના છાત્રો માટે ધો. ૧૦-૧૨ની પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવવાનો તેમ જ ઇનામ વિતરણનો કાર્યક્રમ તા. ૭-૩-૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કન્યા છાત્રાલયનાં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ શ્રીમતી કૌશલ્યાબહેન અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ધ્યેયનિષ્ઠ પરિશ્રમી બની રહેવાની શીખ આપીને સૌ છાત્રોને શુભેચ્છાઓ પાઠવી હતી. વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ જેમ કે સમાચાર વાચન, બોધકથા, વિશિષ્ટ માહિતી તેમ જ ગીત-ગાનમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમ જ સમૃતિચિહ્ન અને ગત વાર્ષિક પરીક્ષાઓમાં પ્રથમ અને દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને મંડળ તરફથી રોકડ ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કન્યા છાત્રાલય (સેક્ટર-૨૩)ની ધો. ૧૦-૧૨ની છાત્રાઓ માટે પરીક્ષા માટે શુભેચ્છાઓ તેમ જ ઇનામ વિતરણનો કાર્યક્રમ તા. ૯-૩-૧૫ના રોજ યોજાઈ ગયો. આ પ્રસંગે કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે અતિથિવિશેષરૂપે ઉપસ્થિત રહી છાત્રાઓને સ્મૃતિચહ્નો અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ ગત વર્ષની વાર્ષિક પરીક્ષાઓમાં પ્રથમ દ્વિતીય ક્રમે આવનાર છાત્રાઓને મંડળ તરફથી રોકડ પુરસ્કારો આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના પરિવાર માટે તા. ૨૩-૩-૧૫ના રોજ પોળોના જંગલ તથા ઈડરનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં શાળાના તમામ શિક્ષકો તથા સમગ્ર વહીવટીય કર્મચારીઓ જોડાયા હતા.

## શ્લોકગાન

એસ.જી. અંગ્રેજી મીડિયમ પ્રાઇમરી સ્કૂલ, ગાંધીનગર ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે શ્લોકગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રીમદ્‌ ભગવદગીતાના શ્લોકોનું ગાન કરવામાં આવ્યું હતું.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

તા. ૧૨-૩-૧૫ના રોજ કન્યા છાત્રાલયમાં વર્ષભર ચાલતા કૌશલ્ય તાલીમ વર્ગો જેવા કે સ્પોકન ઇંગ્લિશ, વેસ્ટર્ન ડાન્સ, ફેશન ડિઝાઇનિંગ, મહેંદી, બ્રાઈડલ બ્યૂટી પાર્લર, રસોઈકળા ઇત્યાદિમાં મેળવેલ કૌશલ્યોના અને નિદર્શનનો કાર્યક્રમ છાત્રાલયના પ્રાંગણમાં યોજાઈ ગયો. આ પ્રસંગે મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ ખાસ પધાર્યા હતા. તદુપરાંત ગાંધીનગર જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી લતાબહેન ચોકસીએ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહી નિદર્શનનો રંગારંગ કાર્યક્રમ માણ્યો હતો અને સહુને બિરદાવ્યાં હતાં.

## સ્કેટીંગ સ્પર્ધા

સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ, અમદાવાદ ખાતે સ્પિડ સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન તા. ૨૨-૩-૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વયજૂથ અન્ડર ૪ વર્ષથી ૧૨ વર્ષ સુધીના સ્કેટરોએ ભાગ લીધો હતો. જેમાં આર. એન. લલિતકલામાં ચાલતા મમતા સ્પોર્ટ્સ સેન્ટરના સ્કેટરોએ ભાગ લઈ ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરી હતી.

## સ્વચ્છતા અભિયાન : નિબંધ સ્પર્ધા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલની પ્રેરણાથી ‘સ્વચ્છતા અભિયાન’ અંતર્ગત ‘મારું સ્વચ્છ અને સુંદર વિશ્વ’ વિષય હેઠળ વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી તથા ગાંધીનગર શાખાની તમામ શાળા – કૉલેજોમાં

અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી ૨૭૨૯૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. 'સ્વચ્છતા અભિયાન'ના થીમને કેન્દ્રમાં રાખીને ધોરણ ૩થી ૮નાં બાળકો માટે 'સ્વચ્છ ઘર, સ્વચ્છ શાળા, સ્વચ્છ ગામ / શહેર', ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છતા લાવે સુંદરતા' અને સ્નાતક – અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છ ભારતના નિર્માણ માટે મારી ભૂમિકા' વિષયો નક્કી કરવામાં આવ્યા હતા. આ બધા વિષયો હેઠળ પ્રાપ્ત નિબંધો પૈકી પ્રત્યેક વિભાગ અને શાળા-કૉલેજ દીઠ શ્રેષ્ઠ ૧૦ નિબંધો પસંદ કર્યા બાદ જે તે વિભાગ અંતર્ગત પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થીઓનું પરિણામ નીચે મુજબ છે. આ સ્પર્ધાના કૉ-ઑર્ડિનેટર તરીકે અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના પ્રા. ધર્મેન્દ્ર પટેલ દ્વારા જવાબદારી સંભાળવામાં આવી હતી.

**૧. ધોરણ ૩ થી ૫ :** ૧. પટેલ કુશ એસ. (ધો. ૫/બ) – એસ. વી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ; ૨. પટેલ પ્રિસંગ વી. (ધો. ૪/બ) – એસ. ડી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ; ૨. ત્રિવેદી બંસરી એસ. (ધો. ૫/અ) – શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ; ૩. પટેલ લવ બી. (ધો. ૫/બ) – કડી નાગરિક સહકારી પ્રાયમરી સ્કૂલ. **૨. ધોરણ ૬ થી ૮ :** ૧. પટેલ ઓમ ભરતભાઈ (ધો. ૬/બ) – એસ. ડી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ; ૨. રહેવર સાક્ષીકુંવરબા જિતેન્દ્રસિંહ (ધો. ૭/બ) – શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ; ૩. વેલાણી પ્રાચી બી. (ધો. ૮/ડી) – એસ. જી ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ. **૩. ધોરણ ૯ થી ૧૦ :** ૧. ડીસા વી. કસ્તી (ધો. ૯/એ) – એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ; ૨. પ્રજાપતિ પંક્તિ એમ. (ધો. ૧૦/બ) – શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા; ૩. ચૌધરી ધર્મિ (ધો. ૧૦/અ) – શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ. **૪. ધોરણ ૧૧ થી ૧૨ :** ૧. દેસાઈ નિવિડ કે. (ધો. ૧૧/બ) – એમ. બી. પટેલ હાઈસ્કૂલ (ઇંગ્લિશ મીડિયમ); ૨. નવિયાની કિંજલ એન. (ધો. ૧૧/સી) – આર. સી. પટેલ હાઈસ્કૂલ; ૩. મોચી હીના રમેશભાઈ – પ્રભાવતી ભરતભાઈ પટેલ સ્કૂલ, કડી **૫. સ્નાતક :** ૧. અગ્નિહોત્રી પૂજા એસ. (B. Sc. Nursing) – સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ; ૨. મહાજન સ્મૃતિ (Civil Engineering – Sem. 5) – એલ. ડી. આર. પી. – આઈટીઆર; ૩. દેસાઈ કિશન ઝવેરભાઈ (M. Sc. Sem.-1) – એચવીએચપી કૉલેજ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએશન ઍન્ડ રિસર્ચ. **૬. અનુસ્નાતક :** ૧. પ્રજાપતિ દેવિકા ડી. (Sem. 5) – નરસિંહભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ; ૨. પંડ્યા હરેશ પી. (B. Ed) – એસ. એસ. પટેલ બી. એડ્ કૉલેજ; ૩. પટેલ ભૂમિકા કાલાભાઈ (M. Com-3); ૪. કાગ્યુંગ ગીતા મોની (B. Ed) – આર. એચ. પટેલ બી. એડ્ કૉલેજ.

## હોળી-ધુળેટી પર્વ

એચ. વી. પટેલ કન્યા બાલમંદિર અને વી. એમ. પટેલ કુમાર બાલમંદિર, ગાંધીનગરમાં હોળી-ધુળેટી ઉત્સવની ઉજવણી તથા વાર્ષિકોત્સવનું આયોજન તા. ૫ માર્ચ, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. શાળાના મેદાનમાં નાની હોળી બનાવીને તેની પૂજા-અર્ચના તથા પૌરાણિક - કથાનું મહાત્મ્ય ભૂલકાંને સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વિજેતા બાળકોને ક્રિએટીવઝોનનાં ઇન્ચાર્જ શ્રીમતી હસુમતીબહેન પટેલ, આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલ, શ્રીમતી દિપાલીબહેન જોષી અને શ્રીમતી હસુમતીબહેન રામીના હસ્તે પારિતોષિક એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૫, અંક : ૩, મે-જૂન, ૨૦૧૫, સળંગ અંક : ૨૭**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં મંચસ્થ મહાનુભાવો : સમારોહના અધ્યક્ષ
શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મુખ્ય મહેમાન શ્રીમતી લતાબહેન ચોકસી વગેરે



પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં મુખ્યમહેમાન
શ્રીમતી લતાબહેન ચોકસી















સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત કન્યા છાત્રાલય દ્વારા ચલાવવામાં
આવતા વિવિધ કૌશલ્ય તાલીમ વર્ગોના નિદર્શનના કાર્યક્રમનાં વિવિધ દ્રશ્યો

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 5, Issue No. 2 March-April 2015**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ, ગાંધીનગર દ્વારા આયોજિત 'ઝેનીસીસ - ૨૦૧૫' પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો સર્વ શ્રી ડી. ટી. કાપડિયા, શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, શ્રી પુલકિત ગૌર, ડૉ. નરોત્તમ સાહુ, ડૉ. કનુભાઈ ડી. પટેલ અને ડૉ. ગાર્ગી રાજપરા 'Eternite'નું વિમોચન કરતાં દ્રશ્યમાન થાય છે.

